બહારે વસંત.



વિકસીત વિલાસંગી, સુરબાલિકા સુકેશી;
દિલદાર દિ૦હેશ ! આવી વસંતબાળા.

બહારે વસંત

અથવા

વસંતની ગઝલો.

લેખક, વિદ્યાર્થી-"વસંત"
વસનજી દયાળજી ગણાત્રા.
સંપ્રિન નિવાસ, ઢાળની પોળ-અમદાવાદ

પ્રકાશક
હરિભાઈ દલપતરામ પટેલ.
શહાપુર વનમાળીવાંકાની પોળ-અમદાવાદ.

સોલ એજન્ટ:-
હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.
૨૬૩૦, પાનકોર નાકા-અમદાવાદ.

આવૃત્તિ ૪ થી. પ્રત ૧૦૦૦.
સંવત ૧૯૭૬ સને ૧૯૨૦

કીંમત રૂ. ૦-૬-૦

વસંત-વિહાર.

સચિત્ર. આવૃત્તિ ૨ જી સચિત્ર.

લેખક, "વસંત"

ઉત્તમ પ્રકારની ગઝલો તથા રસમય કાવ્યોથી ભરપૂર

પ્રેમ, ભક્તિ, વૈરાગ્ય, શૃંગાર, સાહિત્ય, ધર્મ વગેરે અનેક વિષયો ઉપર ઓજસ્વી ગઝલો તેમજ કાવ્યોનો સંગ્રહ આ પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલ છે. ગ્લેજ કાગળ, મનહર છપાઈ, સોનેરી પાકું પૂંઠું હોવા છતાં

કીંમત રૂ. ૨-૦-૦

સોલ એજન્ટ

બુકસેલર હરગોવનદાસ હરજીવનદાસ.

પાનકોર નાકા–અમદાવાદ.

કમનસીબ કમળા.
કીમત માત્ર રૂ. ૦-૪-૦

કુલીનની કન્યા.
કીમત માત્ર રૂ. ૦-૬-૦

અમદાવાદ શહાપુર વનમાળી વાંકાની પોળમાં હરિભાઈ દલપતરામે પોતાના "ગ્રન્થોદય" પ્રેસમાં છાપી.

વિનય-પ્રસ્તાવ.

" सुभाषीतेन गीतेन युवतीनांच लीलया ।
मनो न भिद्यते यस्य स योगीरथवा पशुः ॥

પ્રિય હૃદયબન્ધુ !

આ અલ્પ-સ્વલ્પ સેવાનો થાળ આપને ચરણે ધરતાં પ્રસ્તાવરૂપે કંઇ લખવાની આવસ્યકતા હોય એમ જણાતું નથી, કેમકે આ નમુનો પોતેજ એક પ્રસ્તાવરૂપે પોતાની પરીક્ષા આપવા અને પોતાના પ્રત્યે આપ બન્ધુની પ્રસન્નતા કે અપ્રસન્નતા કેટલી પ્રકટે છે તેની ખાત્રી કરી જોવા માટે જાતેજ પ્રકટ થાય છે, ત્યાં પછી પ્રસ્તાવનું શું પ્રયોજન ?

આ નવો યુગ છે. વિચાર, ભાવ, લાગણી, પ્રેમમસ્તી અને બ્રહ્મધનનાં પુનિત પુનરૂજ્જીવનનો જોરદાર યુગ છે. એ યુગની નવીનતાને વધારી લેવા જેટલું પણ આ કાવ્યો કંઇક કરી શકતાં હોય, તો ત્હેમની અને ત્હેમના ઉત્પાદકના પ્રયાસની સાર્થકતા છે. એમાંનાં કાવ્યોનો એક મ્હોટો સંગ્રહ આજ પ્રકાશકના પવિત્ર પ્રયાસદ્વારા પ્રકાશમાં આવેલ છે. આજે તો જગત્‌ના પરીક્ષા મન્દિરમાં નત મસ્તકે ઉભેલા આ દીન બાલ વિદ્યાર્થીની એજ યાચના છે કે નીરક્ષીર ન્યાયે હંસવૃત્તિથી સત્વને નિઃસત્વને સ્વીકારી ક્ષમાબુદ્ધિથી નિવારી-વિસારી-દર્શાવી-સુધારી, આ રંક-હૃદયની નિઃસ્વાર્થ સેવાને સફળ કરશો.

દિવાસો-સંવત ૧૯૭૬.	લી૦
"વસંત-મંદિર."	સ્નેહાધીન દીન અને કૃપાકાંક્ષી
આસ્ટોડિયા-અમદાવાદ.	કિંકર 'वसन्त'

*દેવી સરસ્વતીનો વિશ્વવિહાર!

બેગ છંદ.

વિશ્વવાટિકામાં, વિવિધ વિચિત્રતા!
વિસ્તારે વિચિત્રરૂપિણી.
અમિત પ્રકાશ વેરે નીલગગને,
પુલકોદ્‌ગમ કરી કુસુમકાનને;
ધુલોકે—ભૂલોકે વિલસે ચલચરણો—
ચપલા ચંચલગામિની.
સુવર્ણનુપૂર ઝણુકે દૂર—આકાશે,
અલકગન્ધ વાયુ લહરિ વિકાશે;
મધુરનૃત્ય પ્રતિચિત્તે પ્રકાશે—
અગણિત મંજુલરાગિણી.
વિવિધવર્ણે, વિવિધ સુવર્ણે, રત્ન ખચિત,
વિવિધ છંદે, સુગંધે, સંગીત—સજ્જિત;
વિવિધ ગ્રન્થે, અગણિત કંઠે પઠિત—
તવમહિમા મૃદુભાષિણી.
જગદુપવનમાં, અતિ વિચિત્ર મા!
વિલસી રહી વિચિત્રરૂપિણી.

---

* સર રવીન્દ્રનાથ ટાગુરના એક પદ્ય ઉપરથી.

॥ श्रीपरमात्मने नमः ॥

બહારે વસંત

અથવા

વસંતની ગઝલો.

પ્રેમ પ્રભુની મંગળ પ્રાર્થના.

ગઝલ અથવા પદ.

પ્રેમમૂર્તિ ! પ્રાણપ્રભો ! પ્રણયના પૂજારી !
હૃદયહરણ ! હૃદયનાથ ! છો હૃદય વિહારી ! હૃદય.
આવો ! વ્રજરાજ ! આજ, ઉરનિકુંજ સાજે,
પ્રણયબંસી ગાજે, નામ આપનું પોકારી ! હૃદય.
નીલાંબર જ્યોતિ, જડિત નિજચરણ પ્રસારી;
વ્યાપી રહ્યા વિશ્વનાથ ! વિશ્વદેહ ધારી ! હૃદય.
સૂર્ય મંડલોની રાસ, રસ ભરી જગાવી;
અનંત-લોક સભય ફરે, નિયમિત ગતિ ધારી ! હૃદય.
પ્રસન્ન મુખ છબિ પ્રકાશી, હૃદયકુંજ માંહી !
પ્રેમ પરિપૂર્ણ, મધુર ભાવના પ્રસારી ! હૃદય.
પ્રેમામૃત સતત વહે, પ્રેમી હૃદય માંહી;
વસંત અનુરક્ત બને, મસ્ત અભયધારી ! હૃદય.

વસંતાગમ!

ગઝલ—હુક્કા.

આ મુકુટ મંજરીના, નવમલ્લિકાની માલા!
તરૂણી નયનવિશાલા, આવી વસંતબાલા!
વિકસીત વિલાસવેશી! સુરબાલિકા સુકેશી;
દિલદાર દિવ્યદેશી! આવી વસંતબાલા!
મધુમાલતી મધુરી, રસ રોમ રોમ પૂરી;
સજી સ્નેહસાજ શૂરી, આવી વસંતબાલા!
શશિ તારકા રમે છે, શીતળ શિશિર સમે છે;
ઉર ભાવથી નમે છે, આવી વસંતબાલા!
નિરભ્ર ગગનદ્વારે, ધીમે પદે પધારે;
સુખ-સાજને સુધારે, આવી વસંતબાલા!
કોકિલ કુજન સુણાવે અલિ ગુંજનો ગંજાવે;
પ્રભુભક્તિ ભજન ભાવે, આવી વસંતબાલા!
બની સૃષ્ટિ સુરસલીના, સત્કાર સ્નેહભીના-
કરતી ઉભી નવીના! આવી વસંતબાલા!
આનંદ અમિત આપી, ઉર ખેદ સકળ કાપી;
કેકા કરી કલાપી! આવી વસંતબાલા!
આનંદ નાચ જોતાં, કંઇ મયુર મયુરીઓનાં;
લ્હાણાંએ સ્નેહભીનાં, આવી વસંતબાલા!
ઉભી દ્વાર દેવીરૂપે, ન્હાતી પરાગધૂપે;
ઉર મર્મને જગાડે! આવી વસંતબાલા!

૭

આશાભર્યું નવું પ્રભાત.

ગઝલ—કવ્વાલી.

પથારી પાપની ત્યાગી, પ્રભુજી ! આજ જાગું છું;
ભ્રમણા મોહની ભાંગી, ચરણમાં સ્થાન માગું છું.
પ્રવૃત્તિ માતનો પ્રેર્યો, જગતના ઘેનમાં ઘેર્યો;
સુતો હું તો ઘણા દિવસો, હવે એ ઉંઘ ત્યાગું છું.
વિષયનાં ગીતડાં ગાતો, બન્યો હું મસ્ત મદમાતો;
પડી છે દૈત્રની લાતો, હવે તો હારી ભાગું છું.
વિસારી કર્મના ધારા, વહાવી કર્મની ધારા;
ક્ષમા એ આપની પ્યારા, પડીને પાય માગું છું.
હણ્યો બૂરા વિચારોએ, ગ્રહાયો ષડ્વિકારોએ;
જગતના વજાતારોએ-જડાયો આજ જાગું છું.
બન્યો પાપી નઠારો હું, થયો તમને અકારો હું;
ભરીને આંખમાં આંસુ, પિતાજી ! પાય લાગું છું.
ભરો કંઈ ગૂઢ મંત્રોને, રચી કર્ત્તવ્ય તંત્રોને;
હૃદયનાં પ્રેમ યંત્રોને, સજાવો એજ માગું છું.
ભલો-બૂરો ગમે તેવો, શિશુને આશરો દેવો;
બની પૂરો તમારો હું, હવે ધર્માનુરાગું છું.

સ્નેહસિંધુને શરણયાચના.

ગઝલ--કવ્વાલી.

શ્રુતીના શબ્દ છે સાચા, હૃદય આધાર છો દેવા !
 વદે શું રાંકડી વાચા ? પ્રણય આગાર છો દેવા !
તમે તો આંખના તારા, પ્રભુજી ! પ્રાણથી પ્યારા !
 ન રહેશો નાથજી ! ન્યારા, નયન શણગાર છો દેવા !
તમે મારા, તમે પ્યારા, ખરા સ્નેહી તમે મ્હારા;
 ઉરે સીંચો અમીધારા તમે દાતાર છો દેવા !
વિભૂતી વિશ્વની સારી, તમારા નામ પર વારી;
 ફરી ફરી જાઉં બલિહારી, તમારા પ્યાર પર દેવા !
અમરપદ આપને ચરણે, અચળ સુખ શ્યામને શરણે;
 સ્મરણ રહેજો જીવન મરણે, સુરત-સીતાર છો દેવા !
નયનમણિ નાથ ! નિસ્તારા ! ભીષણ ભૂભાર હરનારા !
 જીવન સંચાર કરનારા ! જગતના તાર છો દેવા !
તમે ત્રાતા ! પિતા માતા ! વિધાતા શાન્તિ સુખદાતા !
 તમે સ્નેહી સખા ભ્રાતા ! તમે સંસાર છો દેવા !
જીવનની ડૂબતી નૌકા, લથડતી ખાય છે ઝોકાં;
 દુરિતના તોડવા ડક્કા, તમે તલવાર છો દેવા !
શિખાવો ભાવ ને ભક્તિ, ઉતારો અંતરે યુક્તિ;
 મળો મજધારમાં મુક્તિ, અસારે સાર છો દેવા !

આરાધન-ઉદ્‌બોધન.

ગઝલ-(આયા કરો ઇશ્વર-એ લય.)

જાગો ! ઉરે જગદીશ ! જીવનજ્યોતિ જગાવો !
આવો ! ઉરે આનંદના આદેશ ઉઠાવો !
અનેરી મોહરાત્રિનું, ઘનઘોર છવાયું;
સંચારી બ્રહ્મત્રાટ, અલખમસ્તી મચાવો !
સૂતી હમારી ચેતના, સ્મશાન-શાન્તિમાં,
લગાવી જ્ઞાનદંડ ગેબી ગાન જગાવો !
ધમની અને શિરાતણું, ધીમું પડયું સંગીત;
કળ ફેરવી, સુરતાસીતાર-તાર ચ્હડાવો !
ગભિરી દિવ્ય નેતિ, નયનનૂર સૂકાયું;
રસ-સ્નેહ-પૂર પૂરીને, ઉર ભાવ નચાવો !
જડતા-તિમિર છેદતા, રસ-તેજના અંબાર;
ઉંડે અનંત ધામમાં, કંઈ એવું બતાવો !
અલેતી આંખ-પાંખડી, પદસ્પર્શી-ઉઘાડી;
ઝાંખી ભરી સ્વરૂપનો, આનંદ અપાવો !
અખંડ જ્ઞાનરશ્મિનો, પ્રકાશ પાથરી;
સ્વ-પરનો ભેદ ભૂલીએ, એ શાસ્ત્ર શિખાવો !
શ્રુતિ સાર સીંચી, સ્મૃતિ-ગતિ સુકાન સુધારી;
આ અખિલ વિશ્વદેહમાં અભેદ લૂટાવો !
વસંત સમીરલહરીથી સુરલોક સુહાવી;
ૐકાર-પ્રણવગાનમાં બ્રહ્માંડ ઝૂલાવો !

ગમે તેવો તમારો છું.

ગઝલ–કવ્વાલી.

ભલે, બૂરો–અધૂરો–પાપમાં, પૂરો તમારો છું.
  ભલે કામી–હરામી–હું, ગમે તેવો તમારો છું.
વિષયની વાસના સેવું, કરૂં છું લાખનું દેવું;
  ગરજનું આ કરજ કેવું, કરી થાતો અકારો છું!
પડયો હું મોહને અંકે, ચડયો છું દંભને ડંકે;
  પલોટયો પાપને પંકે, અધર્મોનો ઉતારો છું.
સદાયે કાપતાં કાચું, ન જોયું વાળીને પાછું;
  ઠગારા રંગમાં રાચું, વચનનો હું વિસારો છું.
કરૂં બકવાદ ભાષણમાં, ધરૂં બહુ ઢોંગ આસનમાં;
  નથી કંઈ રંગ વર્તનમાં, જબાંનો હું લબારો છું.
પ્રતિજ્ઞાને વિસરવામાં, પરાયા માલ હરવામાં;
  ભૂમિને ભાર કરવામાં, બન્યો મ્હોટો ઠગારો છું.
ન જાણું આ થયું શાને? પ્રભા–ઓજસ ગયાં શાને?
  ધરીને દિવ્ય આત્માને, થયો બૂરા વિકારો છું.
ચહું હું પ્રેમનો પારો, નથી કંઈ ચાલતો ચારો;
  ભર્યા છે દુષ્ટ આચારો, મુખે સારો લવારો છું.
ચલાવો તોપનો મારો, બતાવો રંકને આરો;
  બિરદ પાળી પ્રભો! તારો, હું તો રાહુ સિતારો છું.
તમે છો કલ્પતરૂ જેવા, અખંડાનંદઘન દેવા;
  નિવાજો મોક્ષના મેવા, અકારો હું બિચારો છું.

અમારી હિન્દમાતા તું.

ગઝલ-કવ્વાલી.

પરમ સુખની વિધાતા તું, અચળ યશ પ્રાપ્ત માતા તું!
હૃદયની ધર્મદાતા તું, હમારી હિંદ માતા તું.
ચરણ પૂજી ત્હને ભજતાં, જગત્‌નાં દુઃખ-ભય તજતાં;
સદા ભક્તિ ઉરે સજતાં, જપું મુખ "હિંદ માતા તું"
મણિ--મુક્તા--સુરત્નોથી, રસેલી ઇશ યત્નોથી;
પૂજાયેલી પ્રયત્નોથી, હમારી "હિંદ માતા તું."
બિચારા બાળ બહુ ત્હારા, સહે છે કષ્ટ-અસિધારા;
છતાં ત્હારાજ રહેનારા, કહે છે "હિંદ માતા તું."
નહિ પરના થનારા એ, અધર્મે ના જનારા એ;
રહી નિજ દેશધારાએ ઉચરતા "હિંદ માતા તું."
ઋષિ, મુનિ, દેવ, ગાંધર્વો, ઉજવતા ઉન્નતિ પર્વો;
વદી મહિમા મુખે ગરવો, કહીને "હિંદ માતા તું."
શિશુ, નર, નારી ગુણ ગાતાં, સહર્ષે આશિષો દેતાં;
વધાવી વારણાં લેતાં, સ્મરંતાં "હિંદ માતા તું."
ગુણી-ગુરૂ-વિપ્ર-કે જ્ઞાની, ખરા નિજ દેશ અભિમાની;
ગણી આ જીંદગી ફાની, ભજે છે "હિંદ માતા તું."
સુણી તુજ નામના બોલો, ઉછળતી હર્ષની છોળો;
હૃદયપટ આ થતો મ્હોળો, કહેતાં "હિંદ માતા તું."
ગાતા મા! ત્હમારાં ગીત, વહે છે હૃદયમાં રસપ્રીત;
કહો તે શબ્દમાં શી રીત? વર્ણું "હિંદ માતા તું."

ભારતનું વિજય નિશાન.

ગઝલ-કવ્વાલી.

હમે સૌ હિંદના યોગી, ધરીશું ધ્યાન ભારતનું !
ઉઠાવી ધર્મધ્વજ કરમાં, કરીશું ગાન ભારતનું !
ધરી છે શીલની શેલી, ચ્હડાવી જ્ઞાનની કફની;
વિરક્તિ દંડ શિર મેલી, ઝિલીશું તાન ભારતનું.
જલાવી કષ્ટની હોળી, ઉડાવી ઈષ્ટની ઝોળી;
જમાવી સંતની ટોળી, ભરીશું ભાન ભારતનું.
ગયું જે જે હતું નબળું, રહ્યું તે સૈ થયું સબળું;
ભુલાર્યું વિશ્વ આ સઘળું, સ્વિકાર્યું જ્ઞાન ભારતનું.
ત્યજી છે લોકની લજ્જા, ત્યજી છે શાન્ત સુખસજ્જા;
હમારાં માંસ ને મજ્જા, કર્યું કુરબાન ભારતનું.
નથી ધન માનની ઇચ્છા, નથી સંસારની વાંચ્છા;
નથી સુખભોગ આકાંક્ષા, ચહું સન્માન ભારતનું.
હૃદયમાં પ્રેમલય જાગી, સમાધિ લક્ષમાં લાગી;
હમે ત્યાગી-વિરાગી એ, લગાવ્યું ધ્યાન ભારતનું.
નસોમાં લોહી ભારતનું, શરીરમાં અન્ન ભારતનું;
મુખે છે ગાન ભારતનું, સ્વરોમાં તાન ભારતનું.
હમારા જન્મનું સાર્થક, હમારા મોક્ષની સીડી;
હમારા સ્વર્ગને માટે, ચ્હડે વિમાન ભારતનું.
ગગનમાં નાચતો ઝુંડો, જગત્‌માં વ્યાપતું ચેતન;
જીવનમાં જાગતો આત્મા, વિજય-નિશાન ભારતનું,

પડદામાં છૂપાયેલા પ્રેમીને.

ગઝલ–હુક્કા.

લીધી તમે શું વ્હાલા ! બાધા ન બોલવાની ?
દીધી મને નિરાશા, શું આંખ ચોળવાની ?
જોયા અનેક દેશો, લીધા અનેક વેશો;
ફરી ન કંઈ ફાવી, તુજ શક્તિ તોળાવાની !
વાંચ્યાં અનેક શાસ્ત્રો, સેવ્યા અનેક સંતો;
કુંચી નથી જણાતી, તુજ દ્વાર ખોલવાની !
સુરમા અનેક આંજ્યા, લઇ જ્ઞાનની શલાકા,
દ્રષ્ટિ ન તોય પામ્યા, તુજ રૂપ વિલોકવાની.
ધરી પ્રેમભાવ પ્યારા ! ચીર્યાં જીગર હમારાં.
આશા ન જાગી ઉરમાં, તુજ ભાવ ભાળવાની.
બહુ ન્યાય-દર્શનોની, ગલીઓ ફરી તપાસી;
યુક્તિ ના હાથ લાગી, તુજ દેશ પહોંચવાની.
જોવા જીગરથી આવ્યા, બોજા ઘણા ઉઠાવ્યા;
કારી ન કાંઇ ચાલી, પડદો ઉપાડવાની,
તલસ્યું છે નેનચાતક, જ્યોતિ નિહાળવાને;
પુણ્યો ન પાર પામ્યાં, પાંપણ ઉઘાડવાને.
'મ્હારી' અરે 'હમારી,' સુણી ગુંજ ન્યારી ન્યારી;
ઘડીએ છતાં ન આવી, બે બોલ બોલવાની.
મદમસ્ત પ્રેમપ્યાલી, આવ્યો હું હાથ ઝાલી;
દીઠી સદાય ખાલી ક્યાં આગ હોલવાની !

દુઃખિયાને દુઃખની શી પરવા ?

ગઝલ.

ધરી છે જીંદગી ખોળે, ન આપો તો નથી પરવા !
મળી છે આફતો ટોળે, ન કાપો તો નથી પરવા !
ગણ્યા આધાર આશાના, મળ્યા ભાલા નિરાશાના;
ભલે આડાં ધરી બ્હાનાં, ઉથાપો તો નથી પરવા.
કરે જે સત્યનો દાવો, મરી તે પાળતા કોલો;
દીધેલા બાપના બોલો, ન પાળો તો નથી પરવા.
સહી મુશ્કિલ મુશિબતને, હઠાવી દિલની હિંમતને;
કદિ મહોબતની કિંમતને, ન માપો તો નથી પરવા.
જીગર સાથે જડી સાંધો, વિસાર્યા સ્નેહ સંબંધો;
જડેલા લોહના બંધો, ન કાપો તો નથી પરવા.
ઉખેડી મૂળથી પાયા, ડગાવી મહેલની કાયા;
કૃપાની શિર ઉપર છાયા, ન સ્થાપો તો નથી પરવા.
કરેલી સાધના ખૂટી, ગજબની ગર્જના છૂટી !
હૃદય સર્વસ્વને લૂંટી, સતાવો તો નથી પરવા.
પડી તે છો પડે પૂરી, ગતિ એથી અધિક બૂરી;
બળી પેઠા પછી ઓછા, ન તાપો તો નથી પરવા.
સહ્યું તેનાં સ્મરણથી શું મરેલાને મરણથી શું ?
વહ્યું તે વિસ્મરણથી શું, ન છાપો તો નથી પરવા !

અજબ પ્રેમનો પ્યાલો.

ગઝલ—કાવ્વાલી.

ગળા સૂધી ભરેલો આ, પીઓ કોઈ પ્રેમનો પ્યાલો !
હૃદયરંગે રસેલો આ, લીઓ કોઈ પ્રેમનો પ્યાલો !
અમીઝરણાં ઝરે જેમાં, રસો મીઠા ઠરે તેમાં;
પ્રભુએ પીરસેલો આ, પીઓ કોઈ પ્રેમનો પ્યાલો !
ભિંજાવ્યો ભાવનાઓમાં, જમાવ્યો કંઇ જમાનામાં;
સુધાધારે ધરેલો આ, લીઓ કોઈ પ્રેમનો પ્યાલો !

સાખી.

વિકસ્યાં કમનિય કાળજે, પ્રેમબીજ અંકૂર !
હૃદયયંત્રમાં પીલતાં, પ્રકટયો અર્ક કપૂર.
કમળનેત્રે ઝીલેલો આ, પીઓ કોઈ પ્રેમનો પ્યાલો !
કનકકયારે ખિલેલો આ, લીઓ કોઇ પ્રેમનો પ્યાલો !

સાખી.

શાસ્ત્રશબ્દ ભ્રમણાવડે, ભૂલ્યા કંઇક સુજાણ
પ્રેમપ્રસાદ પવિત્ર આ, વર્ણે વેદ–પુરાણ.
પ્રભુચરણે ઝરેલો આ, પીઓ કોઈ પ્રેમનો પ્યાલો !
શ્રુતિસત્વે સરેલો આ, લીઓ કોઇ પ્રેમનો પ્યાલો !

સાખી.

ડોલાવે ઇંદ્રાસનો, ઉછાળે બ્રહ્માંડ;
નયનઝલક પલકે રચે, નવલા માયાકાંડ !

મહાસિંધુ તરેલો આ પીઓ કોઇ પ્રેમનો પ્યાલો !
અમરતામાં મરેલો આ, લીઓ કોઇ પ્રેમનો પ્યાલો !

સાખી.

પૂછીને પરતંત્ર જન, પગલાં ભરતા જાય;
સ્વતંત્ર સિંહ કદી નહીં, પરનું માર્યું ખાય !
દુ:ખોને વિસરેલો આ પીઓ કોઈ પ્રેમનો પ્યાલો !
શિવે વ્હાલો કરેલો આ, લીઓ કોઇ પ્રેમનો પ્યાલો !

સાખી.

કોમળ કમળકળી ખિલી, હસી રસીને મલકાય;
ભ્રમિત ભ્રમર મોહાંધને, મર્મ નહીં સમજાય.
અજબ મસ્તી ભરેલો આ, પીઓ કોઇ પ્રેમનો પ્યાલો !
હૃદયભાવે રસેલો આ, લીઓ કોઈ પ્રેમનો પ્યાલો !

સાખી.

તું *યોગી હું ÷યોગિની, પ્રેમ કુંજમાં આજ;
અજબ યોગને સાધીએ, સજી સ્વર્ગના સાજ.
વિરહટીપે ભરેલો આ, પીઓ કોઈ પ્રેમનો પ્યાલો !
બરફ જેવો ઠરેલો આ, લીઓ કોઈ પ્રેમનો પ્યાલો !

સાખી.

ભૂલાવે સંસારને, ભૂલાવે વ્યવહાર !
આપે ભૂલી આપને, થવું આજ એકતાર !
×અધરથી ઉતરેલો આ, પીઓ કોઈ પ્રેમનો પ્યાલો !
જીગરસરથી ઝરેલો આ, લીઓ કોઈ પ્રેમનો પ્યાલો !

---

* યોગી=ઇશ્વર ÷ યોગિની=જીવ–ભક્ત–જ્ઞાની × ઓષ્ઠ અથવા આકાશ.

પ્રેમી કે પાગલ?

ગઝલ—કવ્વાલી.

જીગરથી ચાહનારાને, જીગર સાથે જડી દેશું;
  કદર જે પ્રેમની કરશે, પગે તેને પડી રહેશું.
નથી શીખ્યા હમે તો પાઠ, દુનિયામાં જુદાઈના;
  ગણે જે એક તેનાથી, સદાયે એક થઈ રહેશું.
ન દીઠું સ્વર્ગ કંઇ બીજું, જીગરની ગોદમાં જીન્નત;
  અને આ જીંદગાનીની, ખરી લહેજત ભરી લેશું.
ગણે ના જે જુદાઇ, તેમની મીઠી ગુલામીમાં;
  હમે તો મોક્ષ માનીને, હંમેશાં મસ્ત થઈ રહેશું.
ભરી બાઝારમાં આવ્યા, ખરીદી દિલ તણી કરવા;
  સમર્પી દિલ અને દુનિયા, ખરિદી દિલ અમે લેશું.
કટુ કહેશો દગો દેશો, કદિ ઝુંટી બધું લેશો;
  હમે ત્હોયે ત્હમારૂં તો! હસીને દિલ હરી લેશું.
જીગરથી તંગ બાંધ્યો બંધ, નહિ તોડ્યો કદિ તૂટે;
  અજલ જો આવશે ત્હોયે, હસીને દિલ કસી લેશું!
દગાબાજી કરી કિસ્મત, કદિ દેશે જલાવી તો;
  જિગરની ખાખ ભૂસીને, સદા આનંદમાં રહેશું!
અલખની ઈશ્ક ધૂનિમાં, ખુદાઈ નૂર પૂરીને;
  ટળી માલીક કે બંદા, અમે તો એક થઇ રહેશું!

છતાંયે પ્રેમ નહિ છૂટે.

ગઝલ-કવ્વાલી

કદિ આકાશ શિર તૂટે, છતાંયે પ્રેમ નહિ છૂટે !
કદિ જો વજ્રમાં કૂટે, છતાંયે પ્રેમ નહિ છૂટે !
સુરત જાગી, લગન લાગી, અગન આ અંગમાં વ્યાપી;
ન માપી જાય ઉર ઈચ્છા, કદીયે પ્રેમ નહિ છૂટે !
પૂરે છો કેદખાનામાં, છુપાવે કંઇ ઝનાનામાં;
પ્રગટશે આપ એ જ્યોતિ, છતાંયે પ્રેમ નહિ છૂટે !
પિછાણ્યો પ્રેમ પ્રહ્લાદે, પછાડ્યું વિશ્વને પગથી;
ધ્રૂજાવ્યા સપ્તલોકોને, છતાંયે પ્રેમ નહિ છૂટે !
ઉખેડ્યા પ્હાડ પાતાળો, વિખેરી વજ્ર છાટોને;
ઉઘાડ્યા લોહના સ્થંભો, છતાંયે પ્રેમ નહિ છૂટે !
પિછાણ્યો પ્રેમ ધ્રુવબાલે, અકાલે યોગમાં મ્હાલે;
નચાવ્યું ઇંદ્રપદ તાલે, છતાંયે પ્રેમ નહિ છૂટે !
હૃદયમાં પ્રેમ લય જાગી, ઉપાધિ વ્યાધિયો ભાગી !
રતિ ભીતિ બધી ત્યાગી, છતાંયે પ્રેમ નહિ છૂટે !
ત્યજાશે દેહના બંધો, ત્યજાશે સ્નેહ-સંબંધો;
હૃદયના મર્મબંધોનો, છતાંયે પ્રેમ નહિ છૂટે !
કરમાશે કનક-કાયા, વિલાસે વિશ્વની માયા;
હરાશે હામ ને હૈયાં, તથાપિ પ્રેમ નહિ છૂટે !
જડાયો જીવ સાથે જે, નસોના રક્તમાં વહે છે;
રમે છે રોમ રોમે તે, કદીયે પ્રેમ નહિ છૂટે.

ખરો એ પ્રેમ હનુમંતે, બતાવ્યો ચર્મ ચીરીને;
લખાવ્યા રામને રોમે, કદીયે પ્રેમ નહિ છૂટે!
હતો એ પ્રેમ સીતાનો, બુઝાવી આગની ઝાળો;
કદિ જો આગમાં બાળો, તથાપિ પ્રેમ નહિ છૂટે!
બુઝાવી આગ એ દેશે, ઉલેચી નીરને લ્હેશે;
સદા છે! છે! અને રહેશે! કદીયે પ્રેમ નહિ છૂટે!
જુઓ ઓ ક્રૂર જોનારા! જુઓ કરી કોટી ટુકડાઓ!
લખ્યો છે અંતરે ઉંડો, કદીયે પ્રેમ નહિ છૂટે!
હસે છે આજ જોનારા, જશે એ સર્વ રોનારા!
હસે છે એ જશે તોયે, કદીયે પ્રેમ નહિ છૂટે!
જશે એ ને હમે જાશું, જવાનો માર્ગ છે સૌનો;
જશે નહિ એક એનો એ, કદીયે પ્રેમ નહિ છૂટે!
જનારાને જવા દેશું, બહુ જોનારને જોશું;
જવું-જોવું-બધું લેશું, તથાપિ પ્રેમ નહિ છૂટે.
દિશાઓ ડગમગાવીને, ગગન આ ખળભળાવીને;
અમર રેણુ ઝૂલાવીને, કદીયે પ્રેમ નહિ છૂટે.
પ્રભુએ પ્રેમને પૂજે, જગત સૌ પ્રેમથી ધ્રુજે;
ખરૂં એ શાસ્રને સૂજે, છતાંયે પ્રેમ નહિ છૂટે.
જશે એ ઈલ્મ ને આલમ, જશે સૌ ઈલ્મનાં પોથાં;
જશે સૌ બોલનારાઓ, છતાંયે પ્રેમ નહિ છૂટે.
ન રહેશે બોલવું-કહેવું, ન સાંભળવું અને દેવું;
જશે આ વિશ્વનું સઘળું, તથાપિ પ્રેમ નહિ છૂટે;

હમારા દેશને માટે.

ગઝલ–કવ્વાલી.

ફુટયાં આફતાબનાં કિરણો, હમારા દેશને માટે!
  છુટયાં છે તેજનાં ઝરણો, હમારા દેશને માટે!
ચમકતી રોશની ગગને, કરે ચમકાર ચડતીના;
  ઝરે છે તેજની ધારા, હમારા દેશને માટે!
છવાયાં મેઘનાં જુથો, દડુકે લોકત્રય ભેદી;
  પડે ત્હેના પ્રબળ પડઘા, હમારા દેશને માટે!
વળેલી સપ્તરંગી આ, કમાનો મેઘશર કેરી;
  દીપાવે દિવ્ય એ રેખા, હમારા દેશને માટે!
લહરિયો લ્હેકી ઉપવનમાં, નચાવે પ્રેમપુષ્પોને;
  હસાવે ને ખિલાવે એ, હમારા દેશને માટે.
ઉગ્યાં તરણાં લીલાં કુમળાં, હરિત શૈયા બિછાવી છે;
  સજે છે સાજ ધરતી આ, હમારા દેશને માટે.
ઉભા છે પર્વતો મ્હોટા, ઝુકી ઉત્તંગ સૌ શ્રૃંગો;
  ગગનને ભેદતી ટોચો, હમારા દેશને માટે.
વિવિધરંગી વિહંગમ સૌ, કરે ગાનો મધુર નવલાં;
  રસેલાં પ્રેમભક્તિથી, હમારા દેશને માટે.
ઉઠે છે વેદ ધુમ્ર કંઇ, સમાધિ યોગની આછી;
  થતી કર્ત્તવ્યની ઝાંખી, હમારા દેશને માટે.
વિહંગો આવજો મળજો, સ્વરોને સાધવા સાથે;
  જગાવો ધૂન ભારતની, હમારા દેશને માટે.

ધરીને જન્મ અવનિમાં, હમે સિદ્ધાન્ત એ શીખ્યા;
  ઘડયાં છે જન્મ ને મૃત્યુ, હમારા દેશને માટે.
જીવીને સાધશું સેવા, મરીને માગશું સેવા;
  ફરીને જન્મશું દેવા! હમારા દેશને માટે.
નથી સુરલોકની પરવા, નથી કંઇ મોક્ષની વાંચ્છા;
  રહી છે અંતરે ઈચ્છા, હમારા દેશને માટે.
જગત્માં જીવતાં મરતાં, સૂતાં કે જાગતાં ફરતાં;
  થજો કુરબાન સઘળું આ, હમારા દેશને માટે.

મસ્ત પ્રેમનો પ્યાલો.

ગઝલ—કવ્વાલી.

અજબ એ પ્રેમનો પ્યાલો, હમોને પ્રાણ પ્યારો છે!
  અમરપદ પ્રાપ્ત કરનારો, બધાંનો એ ઉતારો છે!
હમારી ઇષ્ટતા એમાં, ગણી છે શ્રેષ્ટતા જેમાં;
  સકળ સત્તા હરફ બેમાં, હમારો 'પ્રેમ' ન્યારો છે.
કલ્પતરૂ, કામધેનુ કે, કહે ચિંતામણિ કોઈ—
  સકળમાં શ્રેષ્ઠ ચેતન એ, પ્રભુમય પ્રેમ પ્યારો છે!
કરે જડમાં જીવન સ્ફૂર્તિ, ધરે સંજીવની મૂર્તિ!
  અમીમય પ્રેમની પૂર્તિ, પ્રભુતા પ્રેરનારો છે!
હૃદય સર્વસ્વ સોંપીને, નિયમદોરી વિલોપીને;
  લખે લખ સૃષ્ટિગોપી તે, અજબ કંઈ પ્રેમધારો છે!

અલખ એ નંદનંદન છે, ચતુરનું ચિત્તચંદન છે!
હમારા લક્ષવંદનને, જડયા ત્યાં યંત્રતારો છે!
ભજે છે દેવગણ સ્વર્ગે, સજે છે દૈત્ય પાતાળે;
અલખ-લખ પ્રેમ એકજ એ, સુખદ હેતુ હમારો છે.
દીધો એ દેવસેવામાં, પીધો એ દેશ સેવામાં;
લીધો છે મોક્ષમેવામાં જગત્‌ને તારનારો છે.
ન કહેશો પ્રેમ છોડી દો, ન-કહેશો, તાર છોડી દો!
કહો કે "જાન જોડી દો" ન કોઇ અહિં હારનારો છે!
કહે કોઇ પ્રેમને સ્વાર્થી, કહે છે કોઇ પરમાર્થી;
હમારાં બેયનો સાથી, હમારો 'પ્રેમ' ન્યારો છે!
ભરી છે ઇશની શક્તિ, ઝરી ત્યાં શિષ્યની ભક્તિ;
કરીને દિવ્ય રસપૂર્તિ, પ્રભુજી ખેલનારો છે!
પ્રભુનો સર્વ વ્યાપક 'પ,' જડયો રાધા રમણનો 'ર';
મળ્યો મુકુંદનો ત્યાં 'મ,' ત્રિપુટી તારનારો છે!
હમારા રામ ને સીતા, હમારા કૃષ્ણની ગીતા;
ભરી એ જામને પીતાં! બધો બીજો લવારો છે!
સ્વજનનો કનક-કયારો એ, વિજનને તો અકારો છે;
જગતનો એ કિનારો ને, હમારો તો સીતારો છે!
મરીશું તોય એ રસમાં, ધરીશું જન્મ ફરી તેમાં;
લૂટાવીશું યુગેયુગમાં! છતાં દીઠો વધારો છે!
ખરી એ મસ્તી મહોબતની, ભરીને જામ ઉલ્ફતની;
ઝુકાવી નાવ કિસ્મતની, એ સૌને તારનારો છે!

પ્રેમઘેલી જાગૃતિ!

ભજન—(વ્હાલા વેગે આવોરે-એ લય.)

લગની મને લાગીરે ! જ્યોતિ ઉરે જાગીરે !
જાગી જોતી જાદવા ! હોજી.
માયા મન ! ત્યાગીરે, ભીતિ બધી ભાગી રે ! જાગી.

સાખી.

જ્યાં જ્યાં ફરતી આંખડી, ત્યાં ત્યાં મ્હારો કાન !
જગલીલા રાધા બની, ઘેલી કરતી ગાન.
એ ગેબી વીણા વાગીરે ! જાગીજોતી જાદવા ! હોજી.

સાખી.

પૃથ્વી આ મથુરાં બની, કુમતિ કુબજા નાર;
વ્હાલાના પદસ્પર્શથી, થઇ લક્ષ્મી અવતાર.
ભાવે ભક્તિ માગીરે—જાગી જોતી જાદવા ! હોજી.

સાખી.

મનુબાળો ગોવાળીયા, ગોપી થઇ સૌ નાર,
ભેદ ભૂલી સંસારના રસ ઝીલે એકતાર.
રંગે અનુરાગીરે !--જાગી જોતી જાદવા ! હોજી.

સાખી.

ઉંઘડીયુંનાં ઘેનમાં, ભર્યાં પ્રેમનાં ભાન;
રાતલડીના દિન કર્યા, કેવા મ્હારા કા'ન !
થયાં સદ્‌ભાગીરે !--જાગી જોતી જાદવા ! હોજી.

સાખી.

ઉર ઉનાળે આવતી, નવલી મીઠી વસંત !
તૂટયો તંત જગત્ તણો, દુઃખનો આવ્યો અંત.
હું પ્રભુ પાય લાગીરે !--જાગી જોતી જાદવા ! હોજી.

"તો શું ?"

ગઝલ—કવ્વાલી.

અમારૂં આખરે મૃત્યુ, સુયત્નોમાં થયું તો શું ?
પ્રયત્નોમાં બધું આયુષ, જો વીતી ગયું તો શું ?
ગૂમાવી પૂર્વનું ગૌરવ, ઉઘાડયું આજ દર્દ-દિલ !
જલાવ્યું ઘર લગાવ્યો દવ, હવે વન ના રહ્યું તો શું !
કરીને જ્ઞાનનું મર્દન, ચ્હડાવી ચેતના-ચંદન;
સુધાર્યું મોક્ષનું સાધન, બીજું કંઇ ના રહ્યું તો શું ?
બદન પર ખાખ ચોળીને, હવે ધૂણી ધખાવી છે;
નવા લેખો લખાવીને, પછી સંકટ સહ્યું તો શું ?
થયા જે ખાખથી પેદા, થવાના ખાખમાં ભેગા;
ઉગ્યું જે પાંદડું આજે, સવારે તે ખર્યું તો શું ?
લખ્યું છે જન્મથી મૃત્યુ, થયું જે પ્રાપ્ત તે વીત્યું;
ભળ્યું રૂ જે હતું કાત્યું, સુધાર્યું તે સર્યું તો શું ?
મળે છે તાંતણા ભેગા, બને છે વસ્ત્રના ધાગા;
બળે તે આખરે વાઘા, થયું જીવ્યું મળ્યું તો શું ?

કુહાડો કાળનો કુડો, કરે છે સર્વનો ચૂરો;
  પછી નિજ કર્મ કરતાં, પાપીએ જીવન હર્યું તો શું ?
ગરજતી મેઘની ઝાડી, તૂટે જેમ ફૂટતી ધાણી;
  ચઢયાં તે ઉતરે પાણી, કદી આજે વહ્યાં તો શું ?
પ્રલયની આગ ફૂંકે છે, બળીને ઝાડ ઝૂકે છે;
  બગીચા સર્વ સૂકે છે, પછી છેલ્લું દહ્યું તો શું ?
બળે પેદા થવા માટે, મરે છે જન્મવા માટે;
  મરીશું જીવવા માટે, પછી આ તન ગયું તો શું ?
જતું તે આવવા માટે, પછી જીવન ગયું તો શું ?
  જવું જગની સીધી માટે, પછી જીવન ગયું તો શું ?
ગયું કદિ સર્વ ધન તો શું ? રહ્યું કદિ એક મન તો શું ?
  પછી સાધન રહ્યું તો શું ? તપોવન ના રહ્યું તો શું ?

અમારી મસ્ત ફકિરી.

ગઝલ—કવ્વાલી.

ફકિરીમાં સખિરી ! મ્હેં, ભરી આજે મજા કેવી ?
  અમિરીને ફકિરીમાં, મળી આજે રજા કેવી ?
ફિકર ઘુંટી કરી ફાકી, તમન્ના શી હવે બાકી ?
  શરીરે ત્યાગની કફની ત્હડાથી ત્યાં કજા કેવી ?
ખલ્કને જાણતા ફાની, પછી પરવાહ તે શાની ?
  નથી દરકાર દુનિયાંની, મળે તે કયાં મજા એવી ?

પીઓ પ્યાલા ભરી પાવો, કરીને જ્ઞાનનો કાવો;
અમિરીનો ધરી દાવો ફકિરીમાં મજાહ લેવી !
કદિ મખમલ તણી શૈયા, કદિ ખુલ્લિ ભૂમિમૈયા;
કદિ વ્હેતી મૂકી નૈયાં, તરંગોની કજા લેવી !
કદિ ખાવા મળે લાડુ, કદિ ખાવાં પડે ઝાડુ !
રગશિયું દેહનું ગાડું, ઉપર ભગવી ધ્વજા કેવી !
કદિ છે શાલ-દૂશાલા, કદિ છે ભસ્મને માળા;
કદિ હો ઝેરના પ્યાલા, મળે તેવી મજા લેવી !
ધર્યા છે કેસરી જામા, કર્યા કાષાય કપડાંના;
ત્યજી સંસારના જામા, કજામાંથી મજા લેવી !
ભર્યાં છે જ્ઞાનધન ભાથાં, ઝુકાવે શાહ પણ માથાં;
જગત્નો ગમ સદા ખાતાં, ગમીને જ્યાં રજા દેવી !
ખુશી રાખી ગમી સાથે, ધખાવી હોળીઓ હાથે;
બીજાનાં દુઃખની સાથે, ખુશીથી જ્યાં સજા લેવી !
જગત્ જીત્યું અલખ નામે, અચલ એ રાજને પામે;
નમાવી સર કદમ સ્હામે, ઉભાં ત્યાં દેવને દેવી !
અમિરીની મઝા મીઠી ફકીરીમાં અમે દીઠી !
ન કરવી ચાકરી-ચીઠી, સ્પૃહાને જ્યાં રજા દેવી !
થયા જ્યાં એક ઈશ્વરથી, પછી શી ગાંઠ ઘર ઘરથી !
જગાવ્યો પ્રેમ પરવશથી, શલાકા સ્નેહની સેવી ! !

હમે બંદા સદાયે મસ્ત રહેનારા.

ગઝલ-કવ્વાલી.

હમે માલીકના બંદા ! સદાયે મસ્ત રહેનારા !
મતિહીણા, મલીન, મંદા ! છતાંએ મસ્ત રહેનારા !
નથી સૂકા ઉનાળામાં ! નથી લીલા શિયાળામાં !
હૃદયમાં સળગતી જ્વાળા, છતાંએ મસ્ત રહેનારા !
દબાતા કંઇ નથી દુઃખથી,ફુલાતા કંઇ નથી સુખથી !
ગણી સુખ-દુઃખના ગાળા ! સદાયે મસ્ત રહેનારા !
નથી જ્ઞાની અને ધ્યાની, નથી માની અભિમાની;
જુવાનીનાં બળયાં જાળાં ! છતાંએ મસ્ત રહેનારા !
નથી ધનવાન કીર્તિમાન, નથી વિદ્વાન્, કે શ્રીમાન્ !
શિશુ જેવા કર્યા ચાળા ! છતાંયે મસ્ત રહેનારા !
નથી આકિલ નથી કાબિલ ! નથી પૂરા બન્યા બિસ્મિલ!
કરો કાતિલ કરમ કાળાં, છતાંયે મસ્ત રહેનારા !
સીતારા ! ક્રૂર કિસ્મતના, ફના કરવા ભલે બેઠા;
બળે ત્રિતાપથી બાળા, છતાંયે મસ્ત રહેનારા !
તમે મારો તમે તારો, કરો જે કંઈ તમે ધારો !
કદિ હીણો કહી કાળા, છતાંયે મસ્ત રહેનારા !
નથી ધોળા નથી કાળા, નથી પીળા ન રૂપાળા !
અમે તમ બાપના બાળા ! સદાયે મસ્ત રહેનારા !
હતા સુખીયા, હતા મોટા,બન્યા દુઃખીયા અને છોટા !
દીઠા આ દર્દના દહાડા, છતાંયે મસ્ત રહેનારા !

ભયંકર કર્મ કરનારા ! સીતારા ! ખેલતા ન્યારા !
  હમારા મોતના પાળા, સદાયે મસ્ત રહેનારા !
કસમ છે રૂહેમ ના કરજો ! દયા કંઇ દિલ નહિ ધરજો !
  ઉતારો ચર્મનાં છાલાં, છવાયે મસ્ત રહેનારા !

નજર તું આવશે ક્યારે ?

ગઝલ–કવાલી.

જીગર ! શોધું ત્હને દર–દર, નજર તું આવશે ક્યારે ?
લખ્યું બહુએ ત્હને દિલબર ! નજર તું આવશે ક્યારે ?
ત્હને હું ખેલતી દેખું, રસીલી પુષ્પક્યારીમાં;
ધરીને રૂપ કળિયોનું, નજર તું આવશે ક્યારે ?
ધસી દરિયાવને તીરે, વહે વાયુ તણી લ્હેરો;
સમીરસર પર ચમન કરતી, નજર તું આવશે ક્યારે ?
પ્રબળ દરિયાવનાં મોજાં, કુદે છે લ્હેરની સાથે;
નથી શું નૃત્ય એ ત્હારૂં ? નજર તું આવશે ક્યારે ?
જલદ આકાશ ભેદીને, ઝરે આફતાબનાં કિરણો;
રસેલી રોશનીથી એ નજર તું આવશે ક્યારે ?
પવનમાં ઝુલતી ડાળી, હશે ટીશી બની શાની ?
હસાવી આંખની કીકી, નજર તું આવશે ક્યારે ?
બગિચામાં બિછાવી છે, ખુદાએ ખૂબસુરતી તે;
પ્રિયે ! છાયા બધી સાથે, નજર તું આવશે ક્યારે ?

દરે દર મ્હેં ત્હને મીઠી ! સહુમાં સૌ રૂપે દીઠી;
નથી જુદી છતાં જુદી, નજર તું આવશે ક્યારે ?
કહે કોઈ જાગ જાદૂની, કહે કોઇ ઇશ્કની છાયા;
અમારી જન્મભૂમીમાં, નજર તું આવશે ક્યારે ?
નથી ન્યારી-નથી ન્યારી ! ભરી તું-તું-બધે પ્યારી !
જીગરની આંખ ખોલું ત્યાં, નજર તું આવશે ક્યારે ?
મહામાયા પ્રતાપી છે, સકળ બ્રહ્માંડ વ્યાપી છે;
હૃદયવીણા પ્રલાપીને, નજર તું આવશે ક્યારે ?
લઓથી લગ લગાવીને, હૃદય સાથે દબાવીને;
પ્રણયમંત્રો જગાવીને, નજર તું આવશે ક્યારે ?

હાસ્ય કે હાંસી ?

ગઝલ-કવ્વાલી.

હસીના ! તું હસીને, રંકને શું રોવરાવે છે ?
કરી ઉંચું પ્રથમ માથું નીચું શું જોવરાવે છે ?
ધરીને પ્યાર પહેલુમાં, ભલે કર કત્લ આ ગરદન !
ફજેતીની ભરી બાજાર, દાંડી શું પીટાવે છે ?
કર્યા ત્હેં વાયદા જુઠ્ઠા, કરેલા કોલ ત્હેં ધોયા !
કહીને રાહે ઉલ્ફત તું, જુદે રસ્તે ચ્હડાવે છે ?
ન દીઠો ભાવ આદરનો, કર્યો ત્હેં રંક ઘર ઘરનો !
બતાવી જામ અમૃતનો જહર શું પીવરાવે છે ?

વિસારી રાહ અસ્મતના, બતાવે વાંક કિસ્મતના !
 અમૂલા મહેલ મહોબ્બતના, શું માટીમાં મિલાવે છે ?
હતા એ ચિત્રપટ શાના ? બતાવે આજ શાં બ્હાનાં ?
 શિખેલા પાઠ દુનિયાના, બધાએ શું ભૂલાવે છે ?
સદાની તું બની સાથી, ઘડીમાં દૂર શું નાઠી ?
 રસી બાંધી કસીને, મૂળથી શાને કપાવે છે ?
મરી છૂટયો છતાં છાના, ન જાણ્યા ભેદ બેદિલના;
 વફાઈમાં મૂવા ત્યાં-બેવફામાં શું ખપાવે છે ?
પ્રથમથી પ્રેમ દર્શાવી, નમેરી શું બની આવી ?
 ખફાખંજર હૂલાવીને, હવ શાને ઠરાવે છે ?
વફાઇ એક કતરાપર, હજારો જાન સદકે હો,
 સફાઇ શોધતાં નાહક, ફસાવી શું સતાવે છે ?
ઝીલી મ્હેં રોશની હૈડે, કહીને રાહનુમાઈ ત્હેં !
 છુપાવી છાતીમાં શાને, હવે ખંજર ચલાવે છે ?
ભરૂંસો રાખતાં મરતા, બિચારા રંક પરવાના !
 નથી સ્હમજી શકાતા-ભેદ શા દિલના બતાવે છે ?

પ્રેમ કે પક્ષપાત ?

ગઝલ-કવ્વાલી.

ગણ્યા મેં એક અંતરમાં, જુદાઇ આપ લઇ બેઠા !
 કલેજાં કાપવાનો શું, ઇજારો આપ લઇ બેઠા !

કહી વાતો વફાઇની, છુરી વીંઝી સફાઇની !
તમે તો બેવફાઈની, સદાની છાપ લઈ બેઠા !
પરાણે પ્રેમ બાંધીને, જહરનાં તીર સાંધીને;
વગર તેડયો-વગર માંગ્યો, તમે સંતાપ લઈ બેઠા !
વફાઇનો ત્યજી સીધો, લીધો છે રાહ શે ઉંધો ?
દિવસને રાત ગણવાની, તમે ભૂલથાપ લઈ બેઠા !
અમે ચાલ્યા ઉગમણા ત્યાં, તમે વહેનાર આથમણા;
વૃથા કલ્યાણને બદલે, રૂદન આલાપ લઈ બેઠા !
હૃદય માટે હૃદય દીધું, ન દીધું ને કપટ કીધું !
હતું તે ખુંચવી લીધું, હૃદયનો શાપ લઈ બેઠા !
સુણી સુર સ્નેહ સીંચેલા, હૃદય હરણાં બન્યાં ઘેલાં;
પછી હણવા તમે શું હાથમાં આ પાપ લઇ બેઠા !
કહો છો પ્રેમને પૂજો, છતાં શું સ્વાર્થમાં ગુંજો !
પ્રજાળી પુણ્યનાં પુંજો, તમે શું પાપ લઈ બેઠા !
હણો તો એક ફટકાથી, ન પીડો લાખ ચટકાથી;
અમારાં પ્રેમ લટકાંથી દગાનું માપ લઈ બેઠા !
કદમમાં મૂકતાં માથું, ઉઠાવો તીર ને ભાથું !
સનમ ! સંતાપવા સાધુ, સીતારો આપ લઈ બેઠા !
ગુલામી જ્ઞાનની કરવા, અમે યંત્રો થયા ગરવા;
બની કાતિલ કદર કરવા, ધ્રુજારો આપ લઈ બેઠા !

મિત્રના વેશમાં શત્રુ.

ગઝલ-કવ્વાલી.

ન જાણ્યા ભેદ કહિયે જે, ત્હમારા દિલ મહિં ડોલે !
ન આણ્યાં ખેદનાં આંસુ, વ્હડાવી જુલ્મ હિંડોળે.
હસ્યા આનંદથી જ્યારે, અમે વ્યાધી સહી રોયા;
હમારા મોતમાં આજે, ચ્હડયો શો રંગ તમ ડોળે ?
લગાવ્યા છાતીયે પહેલાં, કહ્યા મીઠું વદી "મ્હારા;"
હજારો ત્યાં દીધાં વચનો, ન પાળ્યો એક પણ કોલે !
દબાવી છાતીયે છાતી, હવે શાને છુરી કહાડી ?
ગનીને બેવફા આજે, અમારાં કાળજાં છોલે !
હતી હીરા તણી માળા, મનોહર ડોકમાં ઝુલી,
જુલમની વાંસળી વાગી, બનીને નાગ શું ડોલે !
ભર્યો પ્યાલો પિયુષનો તે, જહર શાને બને આજે ?
જલાવી તન બદન ભૂંડા જીગરને ખાખ શું ચોળે ?
થશો જો આગ તો સ્હામે, તમે ને આગ મળવાની;
થશે શું કાળજું ટ્હાડું, ત્હમારૂં આગને સોલે ?
કહે છે ન્યાય કુદરતનો, કે ઠરસે ઠારનારા સૌ;
તમે બાળો બની જાલિમ, પછી શું પાપ નહિ બોળે ?
હજારો રાત વાતોમાં, ગુમાવી ઘાત કરનારા !
નહિ શયતાન પણ આવે, કદિ તમ જુલ્મને તોલે.
કર્યા જેણે વડા ત્હેની, વડાઇને પિછાનો કંઈ;
બની પેદા હવે આજે, પ્રભુનું નામ શું બોળે ?

અકાળે કરમાયેલાં કુસુમને !

ગઝલ.

સુવાસિત પુષ્પ ! પ્યારા તું !
ઉગ્યું શાને ? ખર્યું શાને ?
સુકોમળ બાળ ! વ્હાલાં તું !
મળ્યું શાને ? ગયું શાને ?
છબિ પ્રેમે રસીલી જે;
હૃદય માંહિ વસેલી છે;
ન વિસારૂં કદી ત્હેને;
વિસારી તું વહ્યું શાને ?
થયું તું ક્રૂર શું ભૂંડા !
અરે નિર્દોષ બાલુડા !
નિરંતર ચાહનારાં દિલ-
ને સળગાવી વહ્યું શાને ?
ગમ્યું અહિંથી જવું શાને ?
જવું ત્યાં આવવું શાને ?
હણીને પોષનારાંને,
ઉડી જાતું રહ્યું શાને ?
જીગરને ડંખ મારીને,
જખમ ઉંડા ઉતારીને.
વિના વાંકે વિદારીને;
જવું આજે ચહ્યું શાને !

પ્રથમ પ્રીતિ બતાવીને;
મધુર મુખડું ખીલાવીને.
અમારૂં કહેવડાવીને;
પરાયું તું થયું શાને ?
ગમ્યું ના ઝુંપડું આજે;
ન રહેવાનું વિચારીને;
નહોતું તું હમારૂં તો ?
પ્રથમ કૂડું કહ્યું શાને ?
ત્યજી પ્રેમી જીગર જુનું,
કર્યું ત્હેં રંકગૃહ સૂનું;
ખુંચાવી રત્ન જીવનનું;
હવે તન આ રહ્યું શાને ?

ન સંધાશે કદી પાછા !

ગઝલ.

તુટેલા તાર વીણાના, ન બંધાશે કદી પાછા !
ફુટેલાં પ્યારનાં વાજાં, ન સંધાશે કદી પાછાં !
કરાડોના પડયા ચીરા, સમા થાશે કદી પાછા;
થયા ચીરા જીગરના તે, ન સંધાશે કદી પાછા.
તુટેલાં મોતી માળાનાં, તે બંધાશે કદી પાછાં;
ફુટેલા કાચ દર્પણના, ન સંધાશે કદી પાછા.
સળગતી આગના સોલા, બુઝાશે એ કદી પાછા;

જીગરની આગના ગોળા, ન ઓલાશે કદી પાછા.
તુટેલી દોરીના ટુકડા, સમા થાશે કદી પાછા;
તુટયાં જે દીલ દગાથી તે, ન સંધાશે કદી પાછા.
તુટયા બંધો નદીના તે, બધા બંધાય છે પાછા;
છુટયા બંધો મહોબ્બતના, ન બંધાશે કદી પાછા.
ચ્હડયાં જે પૂર પાણીનાં, વહી જાશે કદી પાછાં;
વળ્યાં જે પ્રેમનાં પાણી, નહીં વ્હેશે કદી પાછાં.
તરંગો જોરથી કૂદે, વહી જાશે તરત પાછા;
તરંગો અંતરે ઉઠયા, નહીં જાશે કદી પાછા.
પડયા દિવાલમાં ફાંટા, મળી જાશે કદી પાછા;
પડયા જે માર્ગમાં કાંટા, ન સંધાશે કદી પાછા.
પડેલા જખ્મ ખંજરના, રૂઝાશે તે કદી પાછા;
પડેલા જુલ્મના ઘા તે, ન ભૂલાશે કદી પાછા.
પડયા જે મોતના મ્હોમાં, ઉભા થાશે કદી પાછા;
છતાં પણુ બેવફાના ઘા, ન ભૂસાશે ફરી પાછા.

દેખાડશો ક્યારે ?

ગઝલ—કવ્વાલી.

અમૂલા ધર્મ પૂર્વજના, ધરી દેખાડશો કયારે ?
પરાક્રમ વીર તનુજોનાં, કરી દેખાડશો કયારે ?
હતા પૂર્વે બહુ મોટા, થયા શાથી હવે છોટા ?
પડયા જે વીર્યના તોટા, ભરી દેખાડશો કયારે ?

કહોછો વીરપુત્રો છો, કહો છો 'સૌ સુપુત્રો છે;'
  બતાવી પાત્રતા પહેલી, તરી દેખાડશો ક્યારે ?
વડીલો યજ્ઞવેદીમાં, ધૂનીને ધમધમાવીને;
  જગત્ પાવન કરી દેતા, ફરી દેખાડશો ક્યારે ?
હતા દાનેશ્વરી પૂરા, કરણ ને પાર્થ સમ શૂરા;
  ચળકતા હિંદના હીરા, ફરી દેખાડશો ક્યારે ?
હમેશાં દેશહિત ચ્હાતા, હૃદયના નીરમાં ન્હાતા;
  મહા બળવાન ગુણજ્ઞાતા, ફરી દેખાડશો ક્યારે ?
સમરમાં કીર્તિ વરનારા, અમર નિજ નામ કરનારા;
  અચળ ઉત્સાહ ધરનારા, ફરી દેખાડશો ક્યારે ?
ધીરજ ને ધામ ધરનારા, વિજયની માળ વરનારા;
  અરિનું હીર હરનારા, ફરી દેખાડશો ક્યારે ?
પ્રતાપી રામ રણધીરા, ભરત જેવા અચળ વીરા;
  ભક્ત હનુમંત સમ હીરા, ફરી દેખાડશો ક્યારે ?
પ્રતાપી પાંડવો પ્રેમી, કુશળ શ્રીકૃષ્ણજી સ્વામી;
  વિદુર–ઉદ્ધવ સમા નેમી, ફરી દેખાડશો ક્યારે ?
પ્રતાપી પ્રાણ દેનારા, પ્રજાનાં કષ્ટ હરનારા;
  કસોટી તીવ્ર સહેનારા, ફરી દેખાડશો ક્યારે ?
કર્યાં જે તેમણે કામો, ઉઘાડયાં સ્વર્ગનાં ધામો;
  તમે પણ એ સમાં નામો, કરી દેખાડશો ક્યારે ?
સ્વીકારી શુદ્ધ આ સેવા, પ્રભુ દઈ મોક્ષના મેવા–
  દિવસ અતિ ઉજળા એવા, હરિ ! દેખાડશો ક્યારે ?

ફકિરી હાલ મારો છે.

ગઝલ—કવ્વાલી.

જલાવી દે જીગર વ્હાલી ! ફકિરી હાલ મારો છે;
થયાં છે તન-બદન ખાલી, ફકિરી હાલ મારો છે.
બહુ જોઈ ! બહુ જોઈ ! આ રાહે રસમ દુનિયાંની;
ભરી છે બેવફાઇ હા ! ફકીરી હાલ મારો છે.
ન્હડી ચેરાગની ટોંચે, જલાવે પ્રાણ પરવા ના;
નફટ આલમ હસે તેને, ફકિરી હાલ મારો છે.
ભરી છે બેવફાઈથી, સફાઈ ના મળી દિલની;
વફાઇ ના પમાઇ તો, ફકિરી હાલ મારો છે.
જહર કાતિલ બધે ફેલ્યું, જમાનો આ ઉઠયો કાતિલ;
કપાતા ભાઈ ભાઇથી ! ફકીરી હાલ મારો છે.
મરે શું હાથથી વ્હાલી ! મરે શું મારી આશકને !
મરે તું એજ દિલ ખુંચે, ફકિરી હાલ મારો છે.
ભલે દુઃખ-દર્દથી દાઝું, ભખીને આગના સોલા;
તને તો દાઝતાં દેખી, ફકિરી હાલ મારો છે.
હતો એ વખ્ત એવો જ્યાં, હતી તું પ્યાર પહેલુમાં;
કપાતાં મૂળ તુજ હાથે, ફકિરી હાલ મારો છે.
ભલે કાતિલ કરો કત્લે, મુનાસિબ જાન મારો છે;
દુલા દિલથી ગુજારૂં છું, ફકિરી હાલ મારો છે.
અહો ! જારી ગુજારી છે, દુવા તુજ ઉમ્ર વધવાની;
જખમ એ હિજના ધોવા, ફકિરી હાલ મારો છે.

ખુશી રહેજે, સુખી થાજે, ભૂલી જાજે, ભૂલેલાને;
નહિ ભુલું, હું તો કૃદીયે, ફકિરી હાલ મારો છે.
જીગરમાં છાપ છાપીને, જતનથી જાપ કરવાનો;
સ્વદેશો મંત્ર લઇ બેઠો, ફકિરી હાલ મારો છે.

જગત્‌ના ઝેરના પ્યાલા !

ગઝલ.

દિલોજાનીથી ઉભરાતા ! પીયો આ ઝેરના પ્યાલા !
સળગતા આગ સમ તાતા ! લીઓ આ ઝેરના પ્યાલા !
ઉઠો–આવો–દુઃખી ! દાતા ! ભરી લો અંતરે શાતા !
બનો પી મસ્ત મદમાતા ! લીયો આ ઝેરના પ્યાલા !
રૂદનનાં ગીતડાં ગાતા, રહ્યા શું આમ સીદાતા ?
જગત્‌નો ગમ સદા ખાતા, પીઓ આ ઝેરના પ્યાલા !
પ્રભુની પાઠશાળામાં, પઢે તે બાળ–બાળાનાં,
ગણાવાને ખરા જ્ઞાતા, પીઓ આ ઝેરના પ્યાલા !
સદાયે આત્મધન ખોતા, રહ્યા બેસી સુરત જોતા;
દુઃખોની આંખડી લ્હોતા, લીઓ આ ઝેરના પ્યાલા !
ગણીને શત્રુને મિત્રો, ભૂસીને સ્વાર્થનાં ચિત્રો;
વધારી અંતરે શાતા, પીઓ આ ઝેરના પ્યાલા !
હૃદયનાં બંધનો કાપો, નિયમના માર્ગને માપો;
ફહો સંસારમાં રમતા, લીઓ આ ઝેરના પ્યાલા !

ઉખેડીને જુના પાયા, વ્હડાવી લો નવી કાયા;
  નવા બાંધી નિયમ નાતા, લીઓ આ ઝેરના પ્યાલા !
ભરીને ભાવનાં ભાથાં, સજો સહુ એકતા ભ્રાતા !
  રહો રંગે ભર્યા રાતા ! પીઓ આ ઝેરના પ્યાલા !
પ્રભુનો પ્રેમરસ પાતા, બધાંને પ્રાણથી વ્હાતા;
  દયાના નીરમાં ન્હાતા, પીઓ આ ઝેરના પ્યાલા !
કસુંબી લાલ કે લીલા, થશે રંગો બધા ઢીલા
  હસી 'કાળા' અમે ગાતા, પીઓ આ ઝેરના પ્યાલા !
બધા આ રંગ દુનિયાના, ફના થાતા–ઉડી જાતા;
  જહરના રંગ રહેવાના ! પીઓ એ ઝેરના પ્યાલા !

આકાશી માશુકને પેગામ.

ગઝલ--કવ્વાલી.

કર્યો બેજાન શાને ત્હેં, મ્હને ચ્હેરો બતાવીને ?
  કર્યો બેભાન ત્હેં શાને, મોહસિંધુ (માં) ડૂબાવીને ?
જરા દિદારનો લ્હેકો, રહી પડદે બતાવીને;
  દીવાનો દીનને કીધો, જરા આંખો મિલાવીને !
પતો ત્હારો નથી જડતો, પડયો હું રંક તરફડતો !
  નફો શું મેળવ્યો, વ્હાલી ! હમારૂં દિલ જલાવીને ?
કરી માશુક બન્યો આશક, ધરી મેં જીંદગી ખોળે;
  પીધું છે ઝેર ભરી પ્યાલો, હમે હાથે હલાવીને.

ગણું માશુક, બનું આશક! ગણું હું જીવ કે આત્મા;
કદમ ધોયાં પ્રિયે! ત્હારાં, ગરમ લોહી વહાવીને!
ઘણા જ્ઞાની અને માની, મૂઆ એ માર્ગમાં દાની:
હજારો દિલ પીસ્યાં છે, પ્રેમભૂતે હલમલાવીને!
મજાહ શી દૂધ સાકર કે, મીઠાઈમાં મળે તેને?
પીધો છે પ્રેમરસ જેણે, લબોથી લબ મિલાવીને!
હમારા માન ને અહેશાન, દિલે ઇનામ ઓ જાની!
કર્યાં સર્વસ્વ મ્હેં કુરબાન. લઇ લે મ્હોં બતાવીને!
કશી જ્યારે ખબર ન્હોતી, છબી શાને ધરી સ્હામે?
લગાવી આગ અંતરમાં, ગરીબોને રડાવીને.
નજર દીદાર શું દીધાં? નહોતી ચાહ દિલમાં તો!
હવે નાશી જશે તે ક્યાં, ફરેબે ફોસલાવીને?
જીગરની ચશ્મ ખોલીને, નશોમાં ઝેર રેડીને;
છુપાવી આંખ ઘુંઘટમાં, હસે છે શું રિઝાવીને?
છબિ જે વિશ્વમાં વ્યાપી, અમે તે અંતરે છાપી;
કલેજાં રંકનાં કાપી, ખસે શું જગ હસાવીને?
ત્રિશંકુ દેશમાં પેઠો, નથી ઉંચે નથી હેઠો!
દીવાનો હું બની બેઠો, ગતાગમને ગુમાવીને!
ભલે ચાહે ન આવે, લાવવાનો હું ધરૂં દાવો;
કરીશ મ્હારી મરીશ તોયે, હું તારૂં મન મનાવીને!

માર્મિક ઝેરના પ્યાલા !

નવલ મિત્ર નવલને—

(જૂના પુરાણા વસંતનો ખુલાસો.)

ગઝલ—કવ્વાલી.

(પ્રસ્તાવ.)

જીગરની આફતો હરવા, ભર્યા છે ઝેરના પ્યાલા !
કસોટી કર્મની કરવા, કર્યા છે ઝેરના પ્યાલા !
સખે ! શી રીત સમજાવું ? નથી એ ભાવતું ખાવું !
બના બેજાન ત્યાં જાવું, ભર્યા છે ઝેરના પ્યાલા !

(બીજ.)

નથી એ ગીતનું ગાવું, નથી એ નીરમાં ન્હાવું;
નથી ત્યાં આવવું-જાવું ! ઝર્યા છે ઝેરના પ્યાલા !
બની ગુલ્જાર કાયાથી, છવાઈ ઈશ-છાયાથી;
રહી હુશિયાર માયાથી, ધર્યા છે ઝેરના પ્યાલા !
જમીને પ્રેમને ભાણે, પીએ તે પારખી જાણે;
અજાણ્યા તાંતણા તાણે, સર્યા છે ઝેરના પ્યાલા !
બનાવી ખાખ નિર્મલ જે, ગ્રહે છે શોધી સોમલને,
રહુડે રણમાં અમલ પીને, કર્યા છે ઝેરના પ્યાલા !
મરે છે જે વડે દુનિયાં, જીવે છે યોગિયો તેમાં,
જગતથી ભિન્ન રસ્તામાં, ભર્યા છે ઝેરના પ્યાલા !

કરીને દંડ મેરૂનો, બનાવી શેષની રજ્જુ;
મથીને કાઢતાં અમૃત, મળ્યા છે ઝેરના પ્યાલા!
ઠગાયા દેવતાઓ જ્યાં, કથા ઇન્સાનની શી ત્યાં?
પૂછો તે એવજા બ્હાનાં, બન્યા છે ઝેરના પ્યાલા!
નથી સ્હમજી શક્યા પોતે! કહો સમજાવીએ કોને?
ન વાણી વેદની પહોંચે, રહ્યા ત્યાં ઝેરના પ્યાલા!
નથી એ વાત કહેવાની, નથી એ ચીજ દેવાની;
દીવાની મસ્ત એ મનની, ભર્યા ત્યાં ઝેરના પ્યાલા!
પીએ તે ના કદી પૂછે, રડે તે આંસુ શું લૂછે?
જમીને આસમાં વચ્ચે, ભર્યા છે ઝેરના પ્યાલા!
સરેસર ઝેરના પ્યાલા, દરેદર પાથર્યા ભાલા!
ઉઠાવો જામ મતવાલા! નર્યા છે ઝેરના પ્યાલા!

(અંકુર.)

અભયપદ દેવને દેવા, ગયા પી દેવ મહાદેવા!
કરી પરમાર્થની સેવા, ધર્યા છે ઝેરના પ્યાલા!
ભરીને નીલકંઠે જે, પચાવ્યું ઝેર કાતિલ તે;
ઉછાળે સાપ ફુંફાડે! ઝર્યા છે ઝેરના પ્યાલા!
ચ્હડી તે ઇશ્કની પાંખે, પડયું માશુકની આંખે;
મજા તો આશકો ચાખે! મળ્યા છે ઝેરના પ્યાલા!
નસે નસમાં ચ્હડે લ્હેરો, ઉઠે કંઇ રંગ ઘનઘેરો;
વિસારે વિશ્વનાં વેરો, ગળ્યા છે ઝેરના પ્યાલા!
ગળાની રૂંઢમાળામાં, જટાનાં રૂક્ષ જાળાંમાં–
વહંતી ગંગધારામાં, સર્યા છે ઝેરના પ્યાલા!

વહ્યા કૈલાસથી નીચે, ઝીલી બ્રહ્માંડ ઉર હીંચે;
રસીલી આંખડી મીંચે! ઠર્યાં ત્યાં ઝેરના પ્યાલા!
પ્રતાપી રામ રઘુરાયા, સીતાને શોધવા ચાલ્યા;
રડે વનમાં, હસે માયા! ભર્યાં ત્યાં ઝેરના પ્યાલા!
ચ્હડયો મનસૂર શૂળીપર, 'અનલહક્ક'ને કરી દિલબર;
ઉતારી ઇશ્કનાં ખંજર, વહ્યા છે ઝેરના પ્યાલા!
દટાયો કબ્રમાં ફરહાદ, શીરીનું નામ કરતો યાદ;
બન્યા એવા ઘણા બરબાદ! ત્યાં છે ઝેરના પ્યાલા!
ગયા મજનુ અને લયલા, થયો મહેતાબ ઘાયલ જયાં;
પુકારે કૃષ્ણને રાધા, પીધા છે ઝેરના પ્યાલા!
મીરાંદેવી જહર પીને, રહ્યાં જગમાં અમર થઇને;
બને નહીં કામ કંઇ બ્હીને! બન્યા છે ઝેરના પ્યાલા!
વખાણ્યા કૃષ્ણ ને રામે, પીધા છે ભિષ્મ ને ભીમે;
સમર જયાં રાત-દિન જામે, રહ્યા ત્યાં ઝેરના પ્યાલા!
પ્રબળ મેવાડના વીરા, ધરીને અંગ કેશરીઆં;
બતાવે રંગ રણધીરા! વહ્યા ત્યાં ઝેરના પ્યાલા!
ભરીને બાણના ભાથા, ઘુમે લઇ હાથમાં માથાં;
નથી કાંધા નથી વાંધા! વહ્યા ત્યાં ઝેરના પ્યાલા!
હજારો ક્ષત્રિની બાળા, મરણની ફેરવી માળા;
હસી ભેટી પડે જવાળા! સહ્યા ત્યાં ઝેરના પ્યાલા!
ઉઠયા સુર યુદ્ધને ઝુંડે, મઢયા છે માનવી મુંડે;
નવાં ધરી રૂપ નવખંડે, ફર્યા છે ઝેરના પ્યાલા!
ભલા નિજ દેશને કાજે, અને નિજ ધર્મને માટે;
ઝુઝયા જે વીર શિર સાટે, ગ્રહ્યા છે ઝેરના પ્યાલા!

(વિકાસ.)

અમે જાણ્યું ગરલ જેને, ભલે અમૃત કહો તેને;
મરણુશૈયા બિછાવો ત્યાં, ગણ્યા છે ઝેરના પ્યાલા !
ભરીને જામ એ મીઠા, અમર કોને થયા દીઠા ?
ઉપાડી પીઠ પર પીઠાં, વહ્યા છે ઝેરના પ્યાલા !
જુઠી દુનિયા જુઠું કહે છે, પ્રવાહો ઉલટા વહે છે !
સુધાનું નામ દઇને છેતર્યા છે ઝેરના પ્યાલા !
મરે તેને ધરી માથે, ઉઠાવે આફ્નો હાથે;
ખરે તે તારલા સાથે, ખર્યા છે ઝેરના પ્યાલા !
સ્વદેહે મોત સ્વીકારી, નિવૃત્તિમાર્ગને ધારી;
વિસારી ' મારી ' ને 'તારી'–હર્યા છે ઝેરના પ્યાલા !
મરેલા લાખ મોતોમાં, અમે જીવતા સદા બેઠા !
મરણ–જીવન અમારામાં, ભર્યા છે ઝેરના પ્યાલા !
સુગંધી પુષ્પની શૈય્યા, બિછાવે છે ફિરસ્તા જ્યાં !
મજા એ સ્વર્ગની લેવા, ધર્યા છે ઝેરના પ્યાલા !

કર્ત્તવ્યની કિંમત.

ભૈરવી—ગઝલ.

હાર શું હિંમત હરામી-યત્નથી સહુ થાય છે!
હારતાં કિંમત નકામી, જીંદગીની જાય છે.
જ્યાં પડે પાછો લથડતો, પાય ત્યાં ટટ્ટાર થઈ;
દમ ધરીને ભર કદમ તું, શ્રીગુરૂ ગમ ગાય છે!
એક શ્વાસે આકરાં, કામો કદિ થાતાં નથી;
ફળ પ્રબળ એ પ્રેમનાં, પુરૂષાર્થથીજ પમાય છે.
લેખાં બધાં આ જીંદગીનાં, ભૂલતાં ફરીથી ગણો;
ફૂલે અને ભૂલે બધા, એ કાયદોજ જણાય છે.
તાકયાં નિશાનો લક્ષથી, તે ચોટમાં ચોટી રહે;
ધર્યાં ફળોને પામતાં, નર વિશ્વમાં વખણાય છે.
જે બીજ વાવ્યાં ખંત ને ઉત્સાહથી ભૂમી વિષે;
વાવ્યાં યથા કાળે ફળે, ત્યારેજ પાક લણાય છે.
છે કર્મમાં અધિકાર ત્હારો, ત્યાં ઉચ્ચારો ના ઘટે;
કટિબદ્ધ થઇને ખેડ કરવી, એજ ધર્મ મનાય છે.
સીધાં હશે જો ભાગ્ય ને વરસાદ જો સારો થશે;
ફળ શ્રેષ્ટ પૂર્વ પ્રયાસનાં, સંતુષ્ટ થઈ શોધાય છે.
જો મંદભાગ્યે રૂઠશે, મેઘો અતિવૃષ્ટિ થશે;
તો છેવટે નિજ યત્નમાં, કર્ત્તવ્યથી છુટાય છે,
માટે ધરીને હોંશ, અગ્રેસર બની કર્ત્તવ્ય કર!
થા નિડર! આજે વસંત! અહિં-કર્ત્તવ્યવાણુ વ્હાયછે

નવા સિદ્ધાંતવાદીને સનાતનીનો જવાબ.

ગઝલ–કવ્વાલી.

કથો છો શાસ્ત્ર એ શાને ? હમે બહુ બોધ લીધા છે !
અમારા પૂર્વજે અમને, ઘણા ઉપદેશ દીધા છે !
જગતના બોધનારા શું, ગ્રહીશું બોધ બીજાનો ?
અમે પણ શાસ્ત્રના ઉંડા, ઘણાયે શોધ કીધા છે !
ગમે તેવું અમારૂં છો રહ્યું, લેવું નથી પરનું–
હજારોમાં અમારૂં શ્રેષ્ટ, એ હિસાબ સીધા છે.
સ્વધર્મજ શ્રેયકારી સાફ, શાસ્ત્રો સાખ પૂરે છે ;
કરો દિલમાં અદલ ઈન્સાફ ! એમાં કોણ બીધા છે ?
ગુનાહો આંખમાં ઘૂસી, ગુનાહોને બતાવે છે !
તમે વાંકાં ભલે કહેતા, હમારા માર્ગ સીધા છે !
નહીં આખર સુધી છોડે, સ્વીકાર્યા માર્ગને સાધુ–
શિખાવો ભીરૂતા તેને, જનો જે દિલથી બીધા છે !
નિધન આવે છતાં ડગશું, નહિ નિજ ધર્મથી ભાઈ !
અમે શ્રીકૃષ્ણના મુખથી, પ્રબળ ઉપદેશ લીધા છે.
પીવાડો ઝેરના પ્યાલા, નથી તલભાર પણ પરવા !
વિધર્મોને ન અડવાના હમે સોગંદ લીધા છે !
કરી રાતાં નયન કોપો, ધખાવો આગ સંતાપો !
મરીશું નહિ કદિ જોજો, સુધાના જામ પીધા છે !

સનાતન અમૃતે સીંચ્યાં, કદી દીઠા નથી મરતા!
મીરાંએ ઝેરના પ્યાલા, ધરીને પ્રેમ પીધા છે!
તમારૂં કે અમારૂં કોઈનું ધાર્યું નથી થાતું-
થનારૂં થાય છે તેમાં, ત્હમે શા હાથ દીધા છે?

ગયા તે તો સદા માટે.

ગઝલ-કવ્વાલી.

હમારા દેશના વીરા, ગયા તે તો સદા માટે!
પુરાણા હિંદના હીરા! ગયા તે તો સદા માટે!
દિશાઓ હાકથી ગાજે, નસોમાં વીરતા વાજે;
નિરખતાં દેવ પણ લાજે, ગયા તે તો સદા માટે.
પ્રજાનાં પાપ ધોવાને અવરનાં આંસુ લ્હોવાને;
ઘવાતા ઘા રૂઝાવવાને, ગયા તે તો સદા માટે
સહોછો સ્નાયુના લકવા, કરો છો બહુ મુખે બકવા;
દવા તો લેશ લીધી ના ગયા તે તો સદા માટે!
બહુ નાના બન્યા મોટા, તમે મોટા થયા ખોટા!
ગળે જે સ્વાર્થના ગોટા, ગયા તે તો સદા માટે!
શરીર છે પાણી પરપોટો, ધરો શું મોહ મન મ્હોટો?
ખલકમા શો પડયો તોટો? ગયા તે તો સદા માટે?
બન્યા છો સર્વથી છોટા, રહ્યા નહિ દોરીને લોટા!
ગુમાવ્યા વીરનર મોટા, ગયા તે તો સદા માટે.
ધર્યું પૂર્વે પ્રબળ બહુએ, ડુબાવ્યું આજ તે સહુએ!

રૂવો શું દર્દદિલ સહેતાં ? ગયા તે તો સદા માટે !
જીગરના ઘા બહુ ખાધા ! મલમપટ્ટા નથી કીધા;
હતાં જે સાધનો સીધાં ! ગયાં તે તો સદા માટે.
બહુ ખાધું અને પીધું ! બહુ લીધું અને દીધું !
છતાં ના કંઇ કર્યું સીધું ! ગયા તે તો સદા માટે !
ઉછાળો શબ્દનાં મોજાં, પળાવો આંગણે રોજાં !
ઉઠાવો કર્મના બોજા ! ગયા તે તો સદા માટે.
હજારો આફતો વેઠી, વિપત્તિ મૂળમાં પેઠી;
પડી સૌ શક્તિયો હેઠી, ગયા તે તો સદા માટે.
પનોતી લોહની લાગી, હૃદયની ભવ્યતા ભાગી;
સ્વધર્મી મર્મ અનુરાગી, ગયા તે તો સદા માટે.
ચ્હડયા છો પાપને ચીલે ! પડયા છો કાર્યમાં ઢીલે !
જડયા છો બંધને ખીલે ! ગયા તે તો સદા માટે.
સફલતા સત્ય ચૂકો છો, ઉદયનો માર્ગ મૂકો છો:
વચન પર શીદ થુંકો છો ! ગયા તે તો સદા માટે
વચન કાજે જીવન દેતા, પ્રતિજ્ઞા કાજ સહુ સહેતા;
વડાઇનાં વચન કહેતા, ગયા તે તો સદા માટે.
બહુ ગાયું અને રોયું, ખવાયું તે બધું ખોયું !
સુધાર્યું કામ ના એકે ! ગયા તે તો સદા માટે.
ગુમાવી હાથથી બાજી, ન રાખ્યા ઇશને રાજી;
જનેતા રાંકડી લાજી ! ગયા તે તો સદા માટે.
ગજાવીને ત્રણે લોકો, શમાવે સ્નેહીના શોકો;
પડાવી દુષ્ટને પોકો ! ગયા તે તો સદા માટે.

ખુશીથી ઝેરને ફાકી, ન રાખ્યું કંઈ હવે બાકી;
  બન્યા પૂરા બળદ ખાખી ! ગયા તે તો સદા માટે.
ઉડાવો ખાકના ગોળા, જમાવો સંતનાં ટોળાં;
  રઝળતા રંક થઇ રોળાં, ગયાં તે તો સદા માટે.
ગયા તે શું નહિ આવે ? ફરી નિજ દર્પ બતલાવે ?
  જલાવે શું જીગર હાવે ? ગયા તે તો સદા માટે !

હવે તો આંખ ઉઘાડો !

ગઝલ-કવ્વાલી

ખતા બહુ ખોફના ખાધા ! હવે તો આંખ ઉઘાડો !
  સડો શું ઉંઘમાં અંધા ? હવે તો આંખ ઉઘાડો !
ગુમાવી જીંદગાનીને, ખપાવી સિદ્ધિયો સઘળી !
  લજાવી કૂખ માતાની, હવે તો આંખ ઉઘાડો !
ભરી છે વાસના ખોટી, કમાણી શી કરી મ્હોટી !
  રહી નહિં અંગ લંગોટી, હવે તો આંખ ઉઘાડો !
રહી છે ભીખની ઝોળી, સળગતી અંતરે હોળી !
  હસો શું ખાખને ચોળી ? હવે તો આંખ ઉઘાડો !
કીર્તિને પાણીમાં બોળી, ભરી પાખંડની ટોળી;
  ઘુમે છે નાશની ગોળી ! હવે તો આંખ ઉઘાડો !
વઢો શું ભાઇ ભાઈથી ? બની બૂરા કસાઈથી !
  ભર્યા પૂરા બૂરાઈથી, હવે તો આંખ ઉઘાડો !
પડયાં છે ધર્મમાં કાણું, ગયાં છે નામ ને નાણું;

ન જન્મ્યા હોય! શું વ્હાણા? હવે તો આંખ ઉઘાડો!
ગુમાવ્યું નામ પૂર્વજનું, ન ધાર્યું ધ્યાન કારજનું;
વગોણું વેઠતાં જગનું, હવે તો આંખ ઉઘાડો!
અરે ઓ! ધર્મના ઢોંગી! અરે! ઓ ભોગના રોગી!
અરે દુર્ભાગ્યના ભોગી, હવે તો આંખ ઉઘાડો!
બનો શું દંભના સોગી? બનો શું જુઠના જોગી!
બનીને કર્મના યોગી, હવે તો આંખ ઉઘાડો!
વિષયની વાસના લાગી, વચનની ચેતના ત્યાગી;
હૃદયની ભાવના ભાગી, હવે તો આંખ ઉઘાડો!
અમીનાં નીર કંઈ સીંચો, હૃદયના થીરમાં હીંચો;
મમતનાં મોહને મીંચો, હવે તો આંખ ઉઘાડો!
બહુએ પાપવૃત્તિમાં, તણાયા દુષ્પ્રવૃત્તિમાં;
કદી દીઠા નહિ કૃતિમાં! હવે તો આંખ ઉઘાડો!
કુટિલ આ પેટને માટે રહડયા શું કષ્ટને કાંટે?
કદી નહિ ક્રૂરતા ખાટે! હવે તો આંખ ઉઘાડો!
વિષયના નીચ સેતાનો, ઝીલે છે અંતરે તાનો!
જુઓ જાગો જરા માનો, હવે તો આંખ ઉઘાડો!
રહડો કર્ત્તવ્યમેદાને, ઘૂમો ત્યાં ધર્મના તાને;
રમો કંઈ મોક્ષના જ્ઞાને! હવે તો આંખ ઉઘાડો!
તરીને તારજો જગને, ભરી નવરક્તથી રંગને;
ટકાવી પુણ્યના પગને, હવે તો આંખ ઉઘાડો!
નયનનાં નીર લ્હોવાને, કર્યાં દુષ્કર્મ ધોવાને;
પ્રભુની જ્યોતિ જોવાને, હવે તો આંખ ઉઘાડો!

સુધારક બુલબુલને સનાતની વસંતનો ચાબુક !

ગઝલ–કવ્વાલી.

જન્મિયું પક્ષિકુલમાં તું, ઋતુની વાત જાણે શું ?
બતાવું ધર્મ–મર્મો ત્યાં, વૃથા તું વાદ તાણે શું ?
કહે શ્રીકૃષ્ણ ગીતામાં, " કુસુમાકર ઋતુમાં છું; "
ગ્રહી લે કૃષ્ણનાં કથનો, તું મિથ્યા માન માણે શું ?
ન જાણે ભેદ કાવ્યોના, ન માત્રા છંદની ગણના !
ગમે તેવી કરે બકવા, વિના જાણ્યે પરાણે શું ?
દશા કે દેશદ્રોહી તું, વિહિત વિદ્યા વિહોણો તું;
ભલે નાચે, કૂદે, બોલે, ઉડે, ઇચ્છા પ્રમાણે શું ?
રહુડે છે કેમ દંગલમાં ? ઉડી જા બાળ ! જંગલમાં !
વિહારી વનપ્રદેશોનો, પ્રસાદોને પલાણે શું ?
વસંતે કંઠ દીધો છે, વસંતે સૂર પૂર્યો છે;
વસંત તું કરે લીલા, છતાં પરને વખાણે શું ?
ખરૂં જો રૂપ તું જોશે, હૃદયની ભ્રાન્તિને ખોશે;
પછી પસ્તાઇને રોશે, પછાડે રત્ન વ્હાણે શું ?
પછી પીઠે સુધારાની, બડી સોટી સનાતનની !
ઉઠાવે બૂમ તે શાની ? ન ગમતી એક લ્હાણે શું ?
સુધારાને નમાવીને, વહે ધારા સનાતનની;
ઉઘાડી આંખ નિરખી લે ! જુએ છે નેત્ર કાણે શું ?

વહોવે શું વૃથા પાણી ? દિસે બુદ્ધિ બની કાણી !
  તજીને વેદની વાણી, વ્હડચો આજે કુરાણે શું ?
ચહે જો સત્યના શોધો, અને સચ્છાસ્ત્રના બોધો;
  ત્યજી દે વજ્ર-અવરોધો, પડયું છે લોહખાણે શું ?
થતાં વસંતનાં પગલાં, ઘણાં બુલબુલ ઉડી આવ !
  રીસાયું એક શી પરવા ? ઉરે અભિમાન આણે શું !

કાળની વિચિત્ર લીલા.

ગઝલ-કવ્વાલી.

ગણતાં વર્ષની માળા, મહાપંડિત પણ ભૂલે !
  જગતનો તાત બ્રહ્માએ, સમયને પારણે ઝૂલે !
ગયું જુનું નવું આવ્યું ! નવું જુનુ વળી થાશે !
  નવા-જુના તણી ઘટમાળ, જગતને આંગણે હાલે !
ગયેલાંને વિસારી દે, નવાંને તું વધાવી લે;
  નવું જુનું, બધું વીતે, ગણી જુદાં વૃથા ફૂલે ?
વહન્તા વર્ષ મહિના, પક્ષ ને સપ્તાહ, દિવસો ત્યાં;
  દિવસ ચાલ્યા ઘડીપળમાં, વૃથા મ્હોટાઈ શી તું લે ?
વહન્તાં-જીવ-જંતુ-દેવ-દાનવ સૃષ્ટિમાં સઘળાં;
  નહીં રોકી શકે કોઈ, જશે પહોળા પથે ખુલ્લે !
ખરે છે ખીલીને પુષ્પો, મરે છે જન્મ લઈ પ્રાણી;
  ડૂબે છે ઉગતા ભાનુ, સદા કરમાય જે ફૂલે.

મહા બળવાન માન્ધાતા, ગુણીજન ગ્રંથના જ્ઞાતા;
જગત કંપાવનારા તે, ત્હડે સૌ કાળને ચુલે.
ગયાં શ્રીરામને સીતા, ગયાં શ્રીકૃષ્ણને રાધા;
ગયા છે ભીષ્મ ને પાંડુ, રહ્યાં નહીં તેમનાં મૂળે!
ગયા દારા-સિકંદરશાહ, રૂસ્તમ પહેલવાં મ્હોટા;
કહે ત્હારૂં ગજું તે શું ? વિના મ્હોટાઈ શું ફૂલે!
ગયા દાતા ને મદમાતા, વિધાતા, તાત કે ભ્રાતા;
લખાતા ચોપડે તે સૌ, કપાતા કાળની શૂળે!
મળી છે સાહ્યબી સઘળી, વળી હાથી ઘરે ઝૂલે!
નગારાં મોતનાં વાગ્યાં, નહીં બાકી રહે ધૂળે!
ગયા તેતો સદા માટે, ગયા ત્હેની નિશાની શી ?
નિશાની એજ રહી છે કે, ન કોઇને કાળ કદિ ભૂલે!
અમરપટો લખાવીને, નથી એકે અહીં આવ્યો;
અહીં જે આપશે નહિ તે, પછી પરલોકમાં શું લે ?
કરે છે જુલ્મ શા માટે ? ધરે છે પાપ શા માટે!
નહિ પાપી કદિ ખાટે! લખી એ કાળજે તું લે!
સુખી આ લોક કે પરલોકમાં થાવા કદિ ચાહે,
સુખી કર અન્યને ભાઇ! સમય આ શીદને ભૂલે ?
વસંતાનંદને છોડી, વૃથા શું દંભમાં ડૂલે ?
જગત્માં એજ દિન રહેનાર, અરે! શું માનમાં ફૂલે ?

કહે છે તે કરતા નથી!

ગઝલ–કવ્વાલી.

ડરો શાને ત્હમે ભુંડા! અમે કંઇએ ન કરવાના!
ભસે છે શ્વાન જે મ્હોડે, કદી તે ના કરડવાના!
ગગનમાં ગાજતા મેઘો, ઉછાળે પેટનાં પાણી;
બહુ ગાજે બની ગાંડા, કદિ તે નહીં વરસવાના!
ગુમાની જે બની ગાંડા, કરે મ્હોડે બહુ બકવા–
કદી તે હામ ભીડીને, કરી ના કાર્ય શકવાના!
ભરેલું તાવથી ભેજું, ઉછળતું સન્નિપાતેથી;
કહો શો દમ રહ્યો તેમાં? બિછાને સૂઈ મરવાના!
કરે તે ના કહે મ્હોડે, કરે તે ના બકે ઝાઝું–
ન જાણે કર્મના ભેદો, કહો તે કેમ તરવાના!
નદીને તીર બેસીને, કરી બહુ પારની વાતો;
ન બાંધ્યો પૂલ એકે તે, કહો ક્યાંથી ઉતરવાના?
ઉભી છે સંગ પ્હાડોની, દીવાલો લાખ આડે જ્યાં–
ન તોડયો એક પણ પ્હાણો, કહો શું દૂર્ગ ચ્હડવાના?
થશે જ્યારે હૃદય તૈયાર, કરવા કાર્ય અંતરનું;
કરી દેખાડશે પળમાં, નહીં મ્હોડે બબડવાના!
હૃદયસંકલ્પની શક્તિ, હમે વેદાંતમાં શીખ્યા;
ઉતારી યોગમાં આજે, હમારૂં કર્મ ધરવાના.
હજારો આડ એ ટાણે, હમારે માર્ગ છો આવે;
લગાવી આગની ફૂંકો, હજારો વિઘ્ન હરવાના!

ન કહેશો કંઈ નથી કરતા, ન કહેશો અંતરે ડરતા;
કરે તે ના કહે કદીએ, ભગે એ વખત મરવાના !

ભ્રમિત મુસાફરને માર્ગસૂચન.

ગઝલ–કવાલી.

ભૂલેલા ઓ ! મુસાફર ! આંખખોલી જો થવાનું શું ?
નજર કંઈ કાર્યની કરજે, હતું અહિં સારવાનું શું ?
કદિ તેં ગોર કીધો છે ? અજલ આવ્યે થવાનું શું ?
જનમતાં સાથ શું લાવ્યો ? હવે લઈને જવાનું શું ?
ધરીને ગર્ભમાં બેડી, હજારો આફતો વેઠી;
સફળતા શી કરી ત્હેની ? હતું અહિં શોધવાનું શું ?
ઉદર નવ માસ કીધો વાસ, દીધો ભાર માતાને !
હતો શો કોલ ત્યાં ત્હારો ? હતું અહિં સાધવાનું શું?
ઝુલ્યો તું પારણામાં ને, રમ્યો નિજ માતને ખોળે;
હવ શું ખાખ તું ચોળે ? હતું ત્યાં ખોળવાનું શું ?
ભણ્યો બહુ પાઠ દુનિયાના ઠગાઈની કિતાબોમાં;
ખરા કંઇ ઇલ્મનું એકે, ન પાનું વાંચવાનું શું ?
હસ્યો પામી હસીનાને, ફસ્યો તું શોખને ફંદે;
દીવાની ગઇ જુવાની–ત્હોય બાકી હારવાનું શું ?
સુતો બુદ્ધિ કરી બુઠ્ઠી, પ્રભુભક્તિ રહી રૂઠી !
બધી બાઝાર ગઈ ઉઠી, હવે સોદા થવાના શું ?

હૃદયરસ ઝીલનારા ને–ગયા બહુ યત્ન કરનારા;
નથી લેનાર કે દેનાર, ત્યાં છે હારવાનું શું ?
વિતાવી જીંદગી સારી, હવસની બદ્‌ગુલામીમાં;
ઘડી આનંદની નાત્રી, ન જોયું ઠારવાનું શું ?
ગુમાવી હાથનો હીરો, હવે પસ્તાય શું પાજી ?
કરે ઈન્સાફ કાજી ત્યાં, પૂરાવા શોધવાનું શું ?
હજી છે હાથમાં બાજી, વિચારી જો જરા લાજી;
કયામતના દિવસ માટે, લીધું ત્હેં તારવાનું શું ?

રીસાયલી રામાને ચરણ !

ગઝલ.

ઘુંઘટપટ પ્રાણ ! ઉઘાડો ! પ્રિયે ! હું તો પગે લાગું !
જરા દિદાર દેખાડો ! ન બીજું હું કશું માગું !
થતાં દિદારની ઝાંખી, ટળી જાશે બધી વ્યાધિ !
શશીને સૂર્ય છે સાક્ષી ! કરગરી એટલું માગું–ઘુંઘટ૦
ધરી છે દેહ પ્રિય ચરણે, ઉભો કર જોડીને શરણે;
વહેતાં આંસુને ઝરણે, રડી હું એટલું માગું ! !–ઘુંઘટ૦
પથારી પાપની ત્યાગી; પ્રણયરજ–રેણુ મ્હેં માગી;
નયનથી ઉંઘ ગઈ ભાગી ! નિરખવા મુખ છગી જાગું !–ઘુંઘટ૦
નથી ગમતું પીવું ખાવું, ન રૂચે આવવું જાવું !
ગમે સંગીત તુજ ગાવું, રસીક રતિરંગ અનુરાગું !–ઘુંઘટ૦

નથી ઉર મોક્ષની ઇચ્છા, નથી ધન માનની વાંચ્છા;
ગળે ઘુંટાય એજ તૃષા, નયનરસ ઝીલવા લાગું !–ઘુંઘટ૦
ત્હમારૂં નામ લઈ નાચું, ત્હમારા રંગમાં રાચું;
ત્હમારાં પ્રેમપદ વાંચું, તમારી રાહ જોઈ જાગું !–ઘુંઘટ૦
ત્હમારૂં સુખ છે સાચું, ગણ્યું બીજું બધું કાચું;
સદા નયને પૂરી રાખું–પછી કહેજો ભલે–"ભાગું"–ઘુંઘટ૦
જરા લ્હેંકો કરી લીધો, દીવાનો દીનને કીધો !
નજર પ્યાલો ભરી પીધો, પછી બીજું ન કંઈ માગું–ઘુંઘટ૦
ચરણરજ મોક્ષના મેવા, કદમ ચુમી પ્રેમથી લેવા,–
નિરંતર પ્રાણની સેવા, કરી ભવરોગથી ભાગું !–ઘુંઘટ૦

અગમનિગમના ભેદો !

(ભજન એકતારનું.)

ભાવ હમારા ઉરના ભાખ્યા નવ જાય !
ભેદુ ભેટે તો ભ્રમણા ભાગીયે હોજી !
દાવ હમારા દિલના દીઠા નવ જાય !
સંતો આવે તો સગપણ સાંધીએ હોજી !

સાખી.

દ્રશ્ય કદિ દર્શાવીએ, અદૃશ્ય શેં દેખાય ?
કેમ કરી સ્હમજાવીએ ! જે વાણીમાં ન સમાય !
વાણીનાં પાણી અંતર સરવરમાંહિ ઉભરાય !
જ્ઞાની ભેદુનો સંગ માગીયે હોજી !

સાખી.

અવનિ ચ્હડી આકાશમાં, નભ પેઠું પાતાળ !
વિશ્વચક્ર આ સ્થિર થયું, બાપ બન્યો છે બાળ !
પર કાને એ ભરમ કહ્યા નવ જાય !
સાધુ ભેટે તો શંકા ટાળીયે હોજી !

સાખી.

દશે દિશાને ભેદતો, ઉઠયો અનહદ નાદ !
શબ્દો ડુબ્યા શ્રવણમાં, શમ્યા વાદ–અપવાદ !
એ એકતાના રસમાં આ ત્રિલોક તણાય !
આવો રસ–તાન–લેવા લાગીયે હોજી !

સાખી.

જળચર–ભૂચર–પ્રાણીયો, ખેચર પક્ષિસમાજ !
વનલીલા લીલી અને, સૂકાં જડનાં રાજ !
સહુસાજ સજીને માયાનાં સરિતાજળમાં ન્હાય !
આવો પ્રભાતે વીરા ! જાગીયે હોજી !

સાખી.

જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિમાં, તુર્યા રેડે તાન !
મમતા માગે મરણ ત્યાં, થયાં સ્વપ્નનાં ભાન !
એ ભાન ભરતાં મસ્ત “વસંત” વીણા વ્હાય !
સ્નેહ શ્રીહરિને ચરણે માગીયે હોજી !

દવા વગરનાં દુખડાં.

ગઝલે હુક્કા..

સહેતાં હજારો આફત, સીનો ગયો ઘવાઈ!
ગરદન હમારી કિસ્મત, કાપે બની કસાઇ!
સંકષ્ટ સંત સહે છે, ખળને ખુશાલી રહે છે!
ઉલટું સલીલ વહે છે! શી સૃષ્ટિની સફાઇ!
પાખંડી ને શીખંડી, ઘુમે ઘણા ઘમંડી;
ફાવે કુપાત્ર ફંદી, એ ન્યાય શો હવાઈ!
તેજી પડયા છે ધીમા, ગરવો ગુમાવી ગરિમા!
જેના અપાર મહિમા, મહિમાં રહ્યા છવાઇ.
વેશ્યા વિલાસ માણે, સતી આંખ અશ્રુ આણે;
જીવે દુ:ખે પરાણે, કલિની કળા છવાઈ!
રાહુ પ્રકાશ વેરે! રવિને તિમીર ઘેરે!
ભૂંગળ વિના હમારી, ભજવાય અહિં ભવાઇ!
પરમાર્થ યજ્ઞ-કુંડે, સર્વસ્વ-હોમ દેવા;
બીડું ઉઠાવનારા, દીઠા ન કોઇ ભાઈ!
ધીમાં કદમ હમારાં વંટોળિયે ચ્હડયાં છે!
પોતાની વાત શી ત્યાં, પીડા પડી પરાઈ!
પરની ઉપાધિ વેઠી, સુખની ઘડી ન દીઠી!
દિલ દર્દ-દાહ-દુ:ખનો, દીઠી નહિ દવાઇ!
વિશ્રામ વૃક્ષ આપે, તેનીજ ડાળ કાપે!
આખર તવાય તાપે, તેની નથી નવાઈ!

વરિષ્ટ કોર્ટને અપીલ.

ગઝલ—કવ્વાલી.

જીવન છે આપના કરમાં, દયા કંઈ દિલ ધરો દેવા !
  મરે છે રંક કિંકર આ, મયા કંઈ પાથરો દેવા !
વળ્યો કાંટા ભરી વાટે, રઝળતો હાટ ને ઘાટે;
  ઠગાયો મ્હારને ઠાઠે, હવે ઉર ઉતરો દેવા !
બનીને પાપના કીડા, કરી બહુ કર્મમાં ક્રીડા !
  સહી છે પાપની પીડા, હવે વ્યાધિ હરો દેવા !
વિના મોતે મરાયો છું, છતાં ના લેશ ફાવ્યો હું !
  શરણમાં નાશી આવ્યો છું, હૃદયમાં સંચરો દેવા !
હૃદયહીણા સ્વજન દીઠા, સદા નિજ સ્વાર્થમાં મીઠા;
  ભૂસી એ ધુળના લીટા, ત્હમારો તો કરો દેવા !
નગારાં મોતનાં ગાજે, કુટિલ મન તોય ના લાજે !
  પ્રભુપથ મૂર્ખને આજે, બતાવાને ખરો દેવા !
ઘડીની જીંદગી માટે, કર્યાં તોફાન શિર સાટે !
  કુટિલતા કાપવા માટે, સજો કાતિલ છરો દેવા !
ગભીરા ઘા સહી વીરા ! પડ્યા છે કાળજે ચીરા !
  પ્રબળ એ પ્રેમની પીડા, હવે મારી હરો દેવા !
જગતના મોહને હરીને, દિવાનો આપને કરીને;
  ચરણમાં રંક શિર ધરીને, હવે અભર્યાં ભરો દેવા !
સ્વીકારી દીનની અરજી, પધારો અંતરે હરજી !
  હવે માગું રહી-ગરજી-ગરીબને સંઘરો દેવા !

બેહયા દિલબરને.

ગઝલ—કવ્વાલી.

ચુડયું બ્રહ્માંડ ચકડોળે, જીગરમાં આગ વરસે છે !
 સીતમગર ! કાળજાં ફોલે ! જીગરમાં આગ વરસે છે!
ભલે લૂટો–ભલે કૂટો ! રિહાઇને કરો નાબૂદ;
 દરેદર જુલ્મ રેલાવો, જીગરમાં આગ વરસે છે !
કસમ છે રહેમ ના લાવો, મરેલાને ભલે મારો !
 હમારે મોજ મારવામાં ! જીગરમાં આગ વરસે છે !
નથી એ જીંદગી સાચી, નથી જે જીંદગી મીઠી !
 જીવે તે સૌ મૂવા જેવા ! જીગરમાં આગ વરસે છે !
નથી કંઈ ફિકર મરવાની, નથી મરવું કહો કોને ?
 ભલું મરવું સદા માટે, જીગરમાં આગ વરસે છે ?
જીવીને આફતો વેઠી, હઝારો લ્યાનતો લીધી !
 કરીને એ કમાઈ કે, જીગરમાં આગ વરસે છે !
બનો જાલિમ–બનો કાતિલ ! જહર સીંચો રગેરગમાં !
 મરો–મારો બધી આલમ ! જીગરમાં આગ વરસે છે !
દગાબાજી કરી આજે, બનો રાજી ભલે પાજી !
 કયામતના કહે કાજી, જીગરમાં આગ વરસે છે !
કયામતના દિવસ માટે, કરો કે ના કરો પરવા;
 હમારો ખ્યાલ એકજ છે, જીગરમાં આગ વરસે છે !
જગત્ ઈન્સાફનો તખ્તો કસોટી આખરે કરશે;
 હમે એ રાહ પર બેઠા, જીગરમાં આગ વરસે છે !

ભલાઈ કે બૂરાઈનો, નથી કંઇ ખ્યાલ આજે તો;
  દિવસ એ આવતાં જોશો, જીગરમાં આગ વરસે છે !
જલાવી તનબદન સોલા, વહેશે પાર દુનિયાની !
  મિલાવી ખાકસારીથી, જીગરમાં આગ વરસે છે !
સદાના ખાક તોયે આ, ખુદાના પાક બંદા છે !
  કદિ અંધા નહિ જોશે, જીગરમાં આગ વરસે છે !
લગાવો જહરની ફુંકો ! જગાવો આગલા સોલા !
  પછી પોકારજો આખિર, "જીગરમાં આગ વરસે છે !
ગરલ પીધું સુધા છોડી, વિષમ ઉરવાસના જોડી !
  ખુદાઇ રૂહની ત્હોડી, જીગરમાં આગ વરસે છે !
વસંતાનિલ અનલ ફૂંકે, પ્રગલ શયતાન સર ઝૂકે;
  મજહબે જામ પર થુંકે ! જીગરમાં આગ વરસે છે !
ઉઠયાં આતિશ તણાં મોજાં, વહ્યા સિંધુ ત્યજી માઝા !
  અનેરાં કર્મનાં વાજાં, જીગરમાં આગ વરસે છે !
જીગરમાંથી મહા જ્વાલા, વહી છે સપ્તલોકોમાં !
  કરે બ્રહ્માંડના ચુરા ! જીગરમાં આગ વરસે છે !

અભેદાનંદના તરંગો!

ગઝલ—કવ્વાલી.

અમે આનંદના કીડા! અખંડાનંદમાં રહીએ!
હરીને પારકી પીડા, સદા આનંદમાં રહીએ!
ઉછાળી પ્રેમની છોળો, લગાવી જ્ઞાનનો ગોળો;
ઝુલાવી હર્ષ હિંડોળો, અનંતાનંદમાં રહીએ!
સપાટા સત્યના સહેતા, સમીર સંતોષના વહેતા;
પ્રભુના રાજ્યમાં રહેતા, વિશુદ્ધાનંદમાં વહીએ!
પુરાણો, શાસ્ત્ર કે મંત્રો, વિવિધ વેદાંતના મંત્રો;
શીખાવી ઐક્યનાં સૂત્રો, અભેદાનંદમાં રહીએ!
સકળ પ્રાણી તણા વીરા, અમે પ્રેમી સુશીલ ધીરા;
કરી દુઃખદર્દના ચીરા, ચિદાત્માનંદમાં વહીએ!
નિવાર્યા દ્વેષ-કલેશોને વિસાર્યા વેર-ઝેરોને;
વહાવી પ્રેમ લ્હેરોને, અમિતાનંદમાં રહીએ!
નથી કંઈ ભેદ ચેતનમાં, ન અસ્થિ, રક્ત કે તનમાં;
ભૂલીને ભેદ જન-વનમાં, અશોષાનંદમાં વહીએ!
મિલાવ્યા સર્વથી હાથો, ભીડી બ્રહ્માંડથી બાથો;
સુધારી સાથ-સંગાથો, સ્વરૂપાનંદમાં રહીએ!
ફુલો બહુ વિશ્વવાડીનાં ઉગ્યાં જન દેશ-ડાળીમાં!
ઉછેર્યાં એક માળીનાં, અદ્વૈતાનંદમાં વહીએ!
રહી હર હાલમાં એકદિલ, ખુશી કીધી હમે હાસિલ!
હમારી મસ્તની મ્હેફિલ, ભરી આનંદમાં રહીએ!

ખિલ્યાં રવિ અકયનાં કિરણો! વહે આનંદનાં ઝરણો !
પૂજી પ્રભુના પુનિત ચરણો, વસંતાનંદમાં વહીએ !

તમારો સ્નેહ સાચો છે.

ગઝલ.

પરમ આધાર છો પ્યારા ત્હમારો સ્નેહ સાચો છે !
ન થાશો નાથજી ! ન્યારા ત્હમારો સ્નેહ સાચો છે !

જગત્ સઘળું થયું ન્યારૂં, નથી અહિં કોઈ પણ મારૂં;
પ્રભો ! તુજ ધ્યાન ઉર ધારૂં, ત્હમારો સ્નેહ સાચો છે !

ત્હમે આધાર આશાના, તિમિર હરજો નિરાશાના;
દુઃખો દળતા દુરાશાનાં, ત્હમારો સ્નેહ સાચો છે !

નિરાશ્રય, દીન, નિર્ધનના, સગા સાચા દુઃખીજનના;
પ્રદાતા સૌખ્ય-સાધનના, ત્હમારો સ્નેહ સાચો છે.

નથી ઘરબાર કે નારી, રહી છે એક લાચારી;
દિલે દ્રઢ ધારણા ધારી, ત્હમારો સ્નેહ સાચો છે.

ગણી છે ભક્તિને પ્યારી, ગયો જગ મોહથી ક્રારો;
લીધા બહુ રંકને તારો, ત્હમારો સ્નેહ સાચો છે.

પડયા જે સર્વથી હેઠા, પ્રભો ! તમ દ્વારમાં પેઠા;
સુખે હરિમંદિરે બેઠા ! ત્હમારો સ્નેહ સાચો છે !

પ્રભુજી ! પ્રાણથી પ્યારા ! નયનથી ના કરૂં ન્યારા !
અચળ સુખ સ્નેહભરનારા ! ત્હમારો સ્નેહ સાચો છે.

ત્હમે વ્હાલા ! પિતા-માતા, સખા-સ્નેહી ત્હમે ભ્રાતા !
વિધાતા ! છો જીવનદાતા ! ત્હમારો સ્નેહ સાચો છે.

દોરંગી દુનિયાનાં પોકળ પડઘમ!

લાવણી અથવા બેત.

ભવસાગરનાં મોજાં પર, ભડકા ભૂત તણા બહુ જાગે છે!
દુનિયામાં પોકળ ભપકાનાં, કંઈ ઢોલ-નગારાં વાગે છે!-દુનિ

વેપારીઓનું પડઘમ.

વેપાર કરે બહુ વેપારી, હદપાર બતાવે હુશિયારી!
નામાં લખતાં ધારી ધારી! ધરી હાથ કટારી બે ધારી!
વિશ્વાસુને ઉર ઉતારી, કરતા ઘા કારી-બહુ ભારી!
ગોદો લાગે જ્યાં ગરદનમાં, ત્યાં 'હાય!' પોકારે છે હારી!
એ બંધ બજારે સોદા છે! ત્યાં, સૂતા છે-કોઈ જાગે છે!-દુનિ
ખિસ્સામાં ખખ્ખીના વાંધા! ખોટી શેઠાઈ બતાવે છે!
ચાકર-નોકર-પેઢી-રાખી, ભોળા જનને ભરમાવે છે!
હાંલ્લાં ઘરમાં હડીઓ કહાડે, પણ મુંછે તાલ લગાવે છે!
સટ્ટા-સોદા ને વેપારે, બહુ જુઠા જંગ જગાવે છે!
લાગે ગેબી જ્યાં ગોળો ત્યાં પાછી પીઠે ભડ ભાગે છે!-દુનિ

લડાઇનું પડઘમ.

મેદાન ગજાવે વીરતાથી, કર તીર અને ખંજર ધારી!
તોપો સામે ધરતા સીના! બહાદુર બની બહુ બળધારી,
એ ધર્મયુદ્ધના બ્હાનામાં, લાખો બાંધવડાને મારી,

વીઝે છે ગોળા ગેબી ત્યાં, પહોળાં મ્હોડાં કરતા હારી !
હીસાબ ચુકવવા કરણીના, આ લોક આખરે ત્યાગે છે !–દુનિ૰

સંસારનું પડઘમ.

કોઇ વાત કરે મેલી–ગંદી ! કોઈ ખાય–ખુએ તેજી મંદી !
કોઈ ફાવ ફેલ કરી ફંદી, કોઈ જાય વીરતાને વંદી !
કોઈ ઘોડાને આપે ચંદી ! કોઇ વિષયોમાં રમતા છંદી !
કોઈ નાચે થઈ બેગમ–બંદી ! કોઈ દંભ ધરી બનતા દંડી !
છક્કડનાં છટકાંને કુદરત–ચાબુકના ફટકા લાગે છે !–દુનિ૰
કોઈ લૂટે છે–કોઈ લાવે છે ! કોઇને મિષ્ટાન્ના ભાવે છે !
કોઈ પાન–સોપારી ચાવે છે કોઇ ફિક્કાં મ્હોં દર્શાવે છે !
કોઈ મૃત માતાને ધાવે છે ! કોઈ ફંદ–છંદમાં ફાવે છે !
કોઇ સુક્કા દમ અજમાવે છે ! કોઈ બુદ્ધિ બળ બતલાવે છે !
પણ આવે જ્યાં આંટી ઘુંટી, ત્યાં આડી વાટે ભાગે છે !–દુનિ

અધિકારીનું પડઘમ.

કુંફાડે ફાડે મ્હાડાને, ધમકાવે થઇને અધિકારી !
ફરિયાદ ન સાંભળતા કાને, કરી ચાર દિવસની સરદારી !
બહુ ઉંધી બુદ્ધિના બુટ્ટામાં, મરતા કરી "મ્હારી–ત્હારી"
ચીઠ્ઠી જ્યાં આવે ચાકરને, ત્યાં તૂર્ત કરે છે તૈયારી !
કારી ચાલે નહિ કરમીની, હુંપદ–મમતાને ત્યાગે છે !–દુ

પ્યારનું પડઘમ.

ગોઠવતા પ્યાર તણા પડદા ! મેદાન પડી કરતા યારી !
ભરમાવે ભોળી ભામાને, કરી સાચી–ખોટી ફિશિયારી !

બહુ બાગબંગલા મહોબ્બતના, ચણતા શબ્દો રચીને ભારી!
પીડા ને ગ્રીડા વ્હાલીની, પતવે બ્હાનાં દઈ પરભારી!
જ્યાં પડે કસોટીની સોટી, ત્યાં પ્યાર પશ્ચાત્ માગે છે!–દુનિ૦

પ્રેમદાનું પડઘમ.

અબળા કહેવાતી પ્રબળા, ખર નરને નચવે નખરે નારી!
કોઈ નાચે–કૂદે ખેલે, થઇને મનહરનારી ગાનારી!
જાદૂ આંજીને આંખડીએ, આશકને ઘા કરતી કારી!
જ્યાં નાડી બંધ પડે પળમાં, ત્યાં સરખી સૌ માઠી–સારી!
બહુ કૌવત દીઠાં કુદરતનાં! કંઈ કામ જામગિરી દાગે છે!–દુનિ૦

કિસ્મતનું પડઘમ.

પળમાં ધનના ઢગલા ભારી, પળમાં ધૂળને ઢગલે નારા!
ભિખારી કરતા સરદારી, કંઈ રાજા બનતા ભિખારી!
તાગડધિન્નાને તાલ–ટપ્પામાં, ચાલી રહી 'મ્હારી–ત્હારી'!
તૂટે કિસ્મતની યારી, ત્યાં લાલાજી કરતા લાચારી!
અહિં રંક અને મહારાજાને, કુદરત સરખી અનુરાગે છે!–દુનિ૦

અજબરંગી પડઘમ.

કોઈ જ્ઞાની ગાંજા ફૂંકે છે, કોઈ મોહ–મમત પર થુંકે છે!
કોઈ શાન્ત સમાધિ ચુકે છે, કોઈ માયા–છાયા મૂકે છે!
કોઈ ભજન ભાવમાં ઝૂકે છે! કોઈ ભાંડ ભવાઇઓ ભૂંકે છે!
કોઈ નાટક–ચેટક–ખેલ–તમાસા, કરતા તડકે સૂકે છે!
કોઈ નાચે છે! કોઈ નચવે છે! કોઈ માગે છે! કોઈ ત્યાગે છે!–દુનિ૦
ગાતા ગીતો સુર સાંધીને, ઉંચા આલાપો લલકારી!

કોઇ ગાલ બજાવી-નાચીને-વેશો બહુ ભજવે છે ભારી!
કોઈ ઇશ્વરથી કરતા યારી, માયા-મદ-મોહ-મમત મારી!
સત્યાચારી! મિથ્યાચારી! કોઇ પુષ્પે! કોઇ પરાગે છે!-દુનિ૦

દુનિયાનું ઉંધું પડઘમ.

બહુ ઉંધાં ચશ્મા ભેરવતા! ધન-માલ-થાપણો ઓળવતા!
પાપી પગલે જગમાં ફરતા, નીતિ-નિયમોને પરહરતા!
કરતાં તુલસીમાલા ધરતા! નિજ ધર્મ-કર્મને વિસરતા!
ખોટાં-સાચાં કરીને જગમાં, સાચાને ખોટા ઠેરવતા!
વિણ મોતે મરતા-સરી જાતા, રડતા-રડવડતા ભાગે છે!-દુનિ૦

વહાણિયાનું પડઘમ.

કોઈ વ્હાણ ચલાવી દરિયામાં, લાખોના ડોળ કરે ભારી!
કોઇ ઝાઝ ડુબાવી પોતાનાં, તળીએ ઉતરે સ્વેચ્છાચારી!
*કરવટ બદલે કાંટા અડતાં! પડતા આખડતા ભયધારી!
પગવચ્ચે પૂંછડી ભેરવતાં, ભસ્તાં બહુ શ્વાન દુરાચારી!
બોજા અણઘટતા ઉપાડી, કોઈ ઉંડા પાણી તાગે છે!-દુનિ૦

કવિનું પડઘમ.

કવિતાની જોડીને કડીયો, કોઇ ચોરી ચીરી ચાંપે છે!
કોઈ લેખ લખીને આપે છે! કોઇ છાપે છે! કોઈ કાપે છે!
કોઈ સાચા-સીધા-વીરનરને, જરને જશ દુનિયા આપે છે!
કોઈ દોરી લોટો સાથે લઇને, રાત્રે વંજા માપે છે!
કોઈ કાગળ કરતા કાળા, કૂડા ભીખ આખરે માગે છે!-દુનિ૦

---

* પડખ-પાસાં.

કુદરતનું પડઘમ.

બહુ સુખીયાને બહુ દુખિયાછે! કોઇને જશ કોઇને જુતાંછે!
કોઈ ધનદાતા,કોઈ જગત્રાતા,કોઇ લોભી,કોઇધનધુતા છે!
કોઇ સૂકા–લૂખા–ભૂખ્યા છે! કોઈ લીલા ને રસવંત છે!
કોઈ અંતર પડદા બાંધીને, માયા–મમતામાં સૂતા છે!
કોઇ પડદા પ્રેમે ચીરીને, પ્રભુજ્યોતિ જોવા જાગે છે!

વસંતનું પડઘમ.

બહુ ઠાઠ કર્યા! બહુ પાઠ ધર્યા! બહુ લીધાંને બહુ મેલ્યાં છે!
ચોપાટ ગોઠવી દુનિયાની; સંબંધસોગઠાં ખેલ્યાં છે!
બહુ રાગ રંગના રગડામાં, મનતરંગ–શ્રીફળ પીલ્યાં છે!
ખુલ્લી આંખોને મીંચીને, બહુ ઘાવ જીગરમાં ઝીલ્યા છે!
ઉનાળો આવે ધસમસતો, ત્યાં વસંત જગ પરિત્યાગે છે!
નાટકતખ્તો આ જગનો જોતો, ઉંઘે છે કે જાગે છે!–દુનિ૦

સનમની રાહમાં.

ગઝલ–હક્કા.

સનમને શોધવા કાજે, ફકીરી આજ ધરી લઇશું;
કફન બાંધી શિરે આજે, સફળ ફેરો ફરી લઇશું.
સનમ! ત્હારાં કદમમાંથી, ઉઠે મોજાં મહોબ્બતનાં!
ઝરે મીઠાં અમી–ઝરણાં, અમે રસ સંઘરી લઇશું.
કદિ દિલને તલબ લાગે, જીગરની જામ ધોઇને;

કદમની ખાખથી કૂજા, અમે દિલબર ! ભરી લઇશું.
હમે માથે કફન બાંધી, પડયા જ્યારે કદમ આવી,-
કફન તુજ દ્વારમાં થાવા, કદમબોશી કરી લઈશું !
સનમ ત્હારી સખાવતમાં, અમે જિન્નત ગણી પેઠા !
ડરાવે સેંકડો જહુન્નમ, અમે શાને ડરી જઇશું ?
રસો ત્હારી નસોમાંથી, વહેતા વિશ્વને પહોંચે;
જગત્ જીવે ત્હમારાથી, અમે જીવતાં મરી લઇશું !
હકિકી ઇશ્ક સાધીશું, મિજાજીને રજા દઇશું;
ટળી બે એક થઈ રહીશું, નવું કંઈ કંઇ કરી લઈશું !
રવિ ઉગે નયન ઝલકે, મીંચાતાં ચશ્મ શશી ખિલે !
='કમર *આફ્તાબ'તુજઆંખે,પ્રકાશો પાથારીલઇશું !
હૃદયનાં પોયણું ખીલે, ઉઘાડી મ્હોં અમી ઝીલે;
કહો જો "પ્રેમરસ પી લે" ફરી ઉર જામ ધરી લઈશું !
જીગર જલતું બને ઠંડુ, જીવન ઉતરી જશે ઉંડું;
હજારો જીંદગીથી મીઠડું, મૃત્યુ ધરી લઇશું !
ચ્હડી મસ્તી શરાબીની, મળી સત્તા નવાબીની;
ખલક ખાનાખરાબીની, નહીં મરતાં ફરી લઈશું !
ભૂલાયું ભાન દુનિયાનું ચ્હડયું છે તાન ઉલ્ફતનું;
નથી કંઈ કામ જિન્નતનું, કદમને ઘર કરી લઇશું !
રમાડી રોમરોમે રાસ, કરીને ભેદ-તમનો નાશ !
ઉલ્ફત પાથરી ચોપાસ, છેલ્લીવાર મરી લઈશું !

= ચંદ્ર * સૂર્ય.

મ્હારૂં ગેબી સ્વરૂપ.

ગઝલ–કવ્વાલી.

સુણે નહિ ભાવથી કોઇયે, નવાં વાકયો કહું છું હું;
નથી 'હું' તે 'તમે' તોયે, 'ત્હમે' તે 'હું' ન હું છું હું!
તરંગો ઉઠતા જળમાં, શમી જાતા પ્રતિપળમાં,
ઉદય–લયના મહાલયમાં, બધે સત્તા થહું છું હું!
વસું હું મેદનીપુરમાં. ચતુર અને મૂર્ખના ઉરમાં;
અનુભવ ઉઠતા સુરમાં, ગણી તે સંગ્રહું છું હું!
અજબ મસ્તી હમારી છે, બધા રંગોથી ન્યારી છે!
છતાં અંગો વધારીને, નવા રંગો ચહું છું હું!
રૂદન ને હાસ્ય દુનિયાનાં, સુખો દુઃખો ઘડયાં જગનાં!
શુણીને એ વિવિધ વાજાં, સદાયે મસ્ત રહું છું હું!
હસે તે જોઇને હસતો, રડે ત્યાંથી રડી ખસતો!
રૂદન ને હાસ્યમાં વસતો, વહેતામાં વહું છું હું!
ઉપાધિ, આધિ ને વ્યાધિ, ત્રિપુટીતંત્રને સાંધી;
જગત્‌ને દોરીએ બાંધી, બધી વ્યાધિ દહું છું હું!
જગત્ જેને કહે વ્યાધિ, અમારે એજ *ઉપાધિ;
અનાદિસૂત્રને સાંધી, નવી યાદી લખું છું હું!
લગાડી મોહનો ધોકો, પડાવું વિશ્વને પોકો!
રડે જ્યાં સાંકડા લોકો, ખુશીથી ત્યાં હસું છું હું!

---

* Attributes=વિશેષણ.

સ્હડીને વાયુની લહેરો, હવા બ્રહ્માંડને ઘેરે;
વિકલ્પો વિશ્વમાં વેરે, હમેશાં ત્યાં વસું છું હું !
નથી હું દેહ કે દુનિયા, છતાંયે હું નથી શામાં ?
ઉછળતો સપ્ત-લોકોના, તરંગોમાં વહું છું હું !
ઉભો શિર રાખી આકાશે, જડયાં પાતાળમાં ચરણો !
ધર્યા ત્રણુલોકને ઉદરે, નથી તોયે બધે છું હું !

પ્રભુની પ્રેમજ્યોતિ.

ગઝલ-કવ્વાલી.

ત્રિલોકી મોહિની મૂર્તિ ! હૃદયમાં જે વિરાજે છે !
સકળમાં સ્નેહની સ્ફૂર્તિ ! શ્રીહરિના નાદ ગાજે છે !
જગતને વામ કરધારી, પ્રણય સર્વ વિસ્તારી;
ઉઘાડી મોક્ષની બારી, અજબ એ શક્તિ સાજે છે !
જગત્‌ને જ્યોતિમાં જોડી, ખિલો પ્રભુપ્રેમનો ખોડી;
પડદા સ્વાર્થના તોડી, અભેદાનંદ ગાજે છે !
કર્યાવિણુ સાધના 'ૐ'ની, જશે સહુ વ્યાધિઓ શાની ?
પરમસત્તા પ્રભુતાની, જીગર ઉદ્ધાર કાજે છે !
જગત્‌જ્યોતિ જલે જેની, ધરા ધૂની ધખે જેની;
ધરી સુરતા સદા તેની, અલખ રત્નો નિવાજે છે !
જગતની આંખ મીંચીને, હૃદયચક્ષુ ઉઘાડીને;
નિહાળી દિવ્ય લીલાને, હૃદયમાં દેવ રાજે છે !

મ્હારી વ્યાપકતા.

ગઝલ—કવ્વાલી.

ચરાચરમાં ભર્યો છું હું, બધો સંસાર મ્હારો છે;
  થરેથર પાથર્યો છું હું, બધો વિસ્તાર મ્હારો છે.
પવનની મંદ લહેરોમાં, વહું સૌગંધરૂપે હું;
  નચાવું ચેતનાવૃક્ષો, જગત્—સંચાર મ્હારો છે.
ખિલું હું પુષ્પ થઇ વૃક્ષે, વસું હું માતની કુક્ષે;
  લખું હું લાખને લક્ષે, બધે અધિકાર મ્હારો છે.
ગજાવી મેઘમાળાને, ડગાવી વિશ્વશાળાને;
  જગત્ સૂતું જગવવાને, અજબ ટંકાર મ્હારો છે.
રચું ઉંચા ઉભા ભ્હાડો, ઉગાડું પુષ્પ—ફળ ઝાડો;
  બનાવું રાત ને દહાડો, બધો એ કાર મ્હારો છે.
ઘૂમે છે સૂર્યમંડલ આ, હજારો મંડલો તેવાં;
  ધરાને શેષ ધારે જ્યાં, તહિં આધાર મ્હારો છે.
ઉદયના મંત્ર ફૂંકીને, રચું છું સૃષ્ટિઓ લાખો;
  કરૂં પાછો પ્રલય ત્હેનો, અજબ વ્યાપાર મ્હારો છે.
બની હું બાદશાહ પોતે, પ્રજા સરજું છું પોતાને !
  જમાવું જાત પર સત્તા, જગત દરબાર મ્હારો છે.
બનું ગોરો અને કાળો ! બનું ભોળો અને ભાલો !
  બનેવી ને બનું સાળો ! બધો વ્યવહાર મ્હારો છે.
બનાવી વીજના સંચા, ચલાવે લોક સંદેશા;

બધી એ બેટેરીને સાંધનારો, તાર મ્હારો છે.
સત્રી ઉરભેદી આલાપો, નિવારૂં તપ્તના તાપો;
અગમગમ ભાખનારો એ, અલખ સીતાર મ્હારો છે.
બની ગજરાજ ગાજું છું, બની મૃગ અગ્ર ભાગું છું !
જીવન–મૃત્યુ બનું છું હું છરો બે ધાર મ્હારો છે
રજત, સોનું અને રત્નો, રચ્યાં કોટી કરી યત્નો !
કુબેરે સાચવ્યો છે એ, અલખ ભંડાર મ્હારો છે.
બનીને રામ કે વામન, થયો હું ભક્ત ભયભંજન;
નિરંજન નંદ–નંદન કૃષ્ણ, ગણ અવતાર મ્હારો છે.
પ્રકાશું ચંદ્ર થઇ જગને, પ્રજાળું સૂર્ય થઈ નગને;
રસું રક્તે રગેરગને, બધામાં પ્યાર મ્હારો છે.
બનાવી સપ્ત લોકોને, વિદારી દુઃખ શોકોને;
રચું લીલા વિલોકોને ! વિવિધ સંસ્કાર મ્હારો છે.
ઉગ્યો હું વૃક્ષ પાંદડીએ, હસ્યો હું પુષ્પની કળીએ;
વસ્યો ભુમિ–ગગન–દરિયે, વસંતાગાર મ્હારો છે.

એકરસ આત્મસત્તા.

ગઝલ—કાવ્વાલી.

નથી કંઈ ભેદ ઉદ્દેશે, નથી કંઈ ભેદ જ્યાં લેશે !
જણાયે ભેદ તે દેશે, ભર્યો છે સર્વમાં સરખો.
નથી એ ભિન્ન કાળામાં, ન જુદો એ રૂપાળામાં,
જગતનાં બાળ–બાળામાં, વસ્યો એ સર્વમાં સરખો.

નિદર્શન-યોગ ભક્તિમાં, પુરાણો ધર્મ ઉક્તિમાં;
વિવિધ વેદાંત યુક્તિમાં, ઠર્યો છે સર્વમાં સરખો.
નથી જુદો ઉપાદાને, નથી કંઈ ભિન્ન વિજ્ઞાને;
બધાંએ જેમને માને, ભર્યો એ સર્વમાં સરખો.
દયા, સ્નેહે અને ભાવે, હૃદય, દેહે અને દાવે;
જુદો એ હોય દેખાવે, છતાં છે સર્વમાં સરખો.
ઘડયા છે એક માટીથી, ઘડા આ પ્રેમપાટીથી;
ન રોટી ભિન્ન બાટીથી, ધર્યો છે સર્વમાં સરખો.
રહે છે રક્ત જે રાતું, બધાંની નાડમાં વહેતું;
જીવનરસ રેડતો ત્યાં તું, રહ્યો છે સર્વમાં સરખો.
ભલે જૂદા બહુમત હો, વિવિધ કંઈ ધર્મના પથ હો;
ઝરો સુખરૂપ આત્માનો, વહ્યો છે સર્વમાં સરખો.
જુદા દિવસો અને રાતો, જુદી-જુદી ખરી વાતો;
સમય ત્યાં એક સંઘાતો, સર્યો છે સર્વમાં સરખો.
ઘડેલા ઘાટ સોનીના, ભલે કંઇ લાખ જુદા હો;
હમારો બ્રહ્મ સોનાનો, વસ્યો છે સર્વમાં સરખો.
હમારૂં લક્ષબિંદુ તું, હમારો આત્મબંધુ તું;
હમારો શન્તિસિંધુ તું, કહ્યો છે સર્વમાં સરખો.
ચ્હડે કોઇ અગ્નિરથમાં કે, ઉડે વિમાનની પાંખે;
સ્ટિમર કે અશ્વનો રસ્તો, રહ્યો છે સર્વમાં સરખો.
ભલે જેને રૂચે જેવાં, કરે આભૂષણો તેવાં;
હમારો બ્રહ્મનો હીરો, રસ્યો છે સર્વમાં સરખો.

કૃષ્ણબંસીનું અનબતાન.

ગઝલ—કવ્વાલી.

યસોદાનંદના લાલા! જરા બંસી બજાવીજા!
  રસીલા કાન મતવાલા! પ્રણય-મંત્રો ગજાવીજા!
કહીંને વેદની વીણા, કહીંને મર્મ કંઇ ઝીણા;
  સ્વરો આલાપીને તીણા, સૂતી સૃષ્ટિ જગાવીજા!
તૃષાથી કંઠ સૂકાતો, પીડાતો પ્રાણ આ જાતો;
  મધુરૂં ગાન કંઇ ગાતો, તૃષા મ્હારી છીપાવીજા!
વિષયનાં ભાન ભુલાવી, અજબ ઉરઝૂલે ઝૂલાવી;
  શ્રવણ બ્રહ્માંડ ડોલાવી, ગગનપટને ગજાવીજા!
જીગર દુઃખ દર્દ હરનારા, પરમ સુખશાન્તિ ભરનારા;
  જગતને જીતનારા એ, મહા-મંત્રો સુણાવિજા;
અચળપદ-દુર્ગ ચ્હડનારા, પ્રબળ રિપુસાથ લ્હડનારા;
  વિજયની માળ વરનારાં સબળ શાસ્ત્રો સજાવીજા!
હૃદયની મસ્તીનાં મોજાં ચ્હડે સિંધુ ત્યજે માઝા!
  અલખનાં એ અજબ વાજાં! હૃદયકુંજે બજાવીજા!
વહાવી મસ્તીલ્હેરોને, ઉછાળી પ્રેમ-છોળોને;
  અમારાં ક્ષુબ્ધ હૃદયોને, પ્રણવરસથી ભીજાવીજા!
બનાવી સૃષ્ટિને ગાંડી, પીટાવી પ્રેમની દાંડી;
  નિચોવી સ્વાર્થથી હાંડી, અભયરસ પીવરાવીજા!

વિદારી ભેદની છાયા, નિવારી મોહની માયા;
  અમર કરી અમ કનક કાયા, વિષયવિષ વીસરાવી જા !
બનાવી પ્રેમના યોગી, કરી દે બ્રહ્મસંયોગી
  રમાડી રાસ રસભોગી ! રસીલા રંગ પૂરીજા !
બની તુજ એકની રાધા, સહુ અન્યની બાધા;
  તજી વ્હાલા ! બધા વાંધા, હૃદય મૂર્તિ ઉતારીજા !
ભુલાવી ભાન દુનિયાનું, જગાવી જ્ઞાન આત્માનું,
  મધુરી મૂર્ત બધે ભાળું, મને એવું શિખાવીજા !
સૂતાં ઉઠતાં જતાં ફરતાં, જગતમાં કાર્ય સહુ કરતાં,
  રહે મૂર્તિ ખડી ઉરમાં, લગન એવી લગાવીજા !

સાહિત્યસુંદરીને છેલ્લો સંદેશો.

ગઝલ–કવ્વાલી.

કર્યો આ જાન ! ત્હેં બેજાં, નિગાહેતીર મારીને !
  રસી શું કાપ એહમાં ? મ્હને કૂવે ઉતારીને !
ભરીને ગ્રંથપ્યાલામાં, મ્હને ત્હેં ઇશ્કરસ પાયો !
  દીવાનો દીનને આજે, કર્યો ત્હેં શું વિચારીને ?
રસીલા વર્ણ–વર્ણનમાં, રસેલાં શબ્દબાણોથી,–
  કર્યો છે કત્લ કિંકરને, જીગરમાં શર ઉતારીને !
ધરીને વસ્ત્ર શોભીતાં, નવાં નવરંગ–રસભીનાં;
  નવી ઉત્કૃત ! ખુબી ! લીલા ! વધારે શી ખુમારીને ?

અજબ જ્યોતિ ઉરે જાગી, અલખ ત્હારી લગન લાગી ?!
અભાગી ક્યાં શકે ભાગી ? પૂર્યો શીશે ઉતારીને !
ન સૂઝે કંઇ જવું કરવું, ન રૂચે કંઇ પીવું-ખાવું !
ગમે સંગીત તુજ ગાવું, ગુણો ત્હારા ઉચ્ચારીને !
બન્યો અંધો, ભુલ્યો ધંધો છુટયો સંસારથી સાંધો !
જીગરમાં તારના બંધો, તૂટે દુનિયા વિસારીને !
અજબ કંઈ ભાવ જાગ્યો છે ! અનેરો રોગ લાગ્યો છે !
બતાવો વૈદ્ય એવો જે, મટાડે દિલબિમારીને !
નથી રહેતી જીગરઘરમાં, ઝલાતી તું નથી કરમાં !
રીસાતી રંકથી શાને ? પ્રિયે ! પ્રીતિ વિસારીને !
જગત ડોલાતું જાદુ, જગાવી વાક્યરચનામાં,-
છુપાતી ગ્રંથઘુંઘટડે, હમારાં સર ઉતારીને !
હ્રદય-આકાશવાસી તું, ઉદાસી અલ્પજન્તુ હું,
થયું શું, ને થશે શું-શું ? ધ્રૂજુ છું એ વિચારીને !
નથી શક્તિ રહી તનમાં, નથી વાંચ્છા રહી ધનમાં;
મજા શી માનતી મનમાં, ફકિરોને તું મારીને ?
ક્ષમા મ્હેબુબ ! માગું છું, હવે તો પાય લાગું છું !
જવા દે, દૂર ઓ દેવિ ! હવે યારી વિસારીને !
ઘણો મ્હોટો ગુન્હો કીધો ! અજાણ્યો માર્ગ મ્હેં લીધો !
હવે તું છોડ, દુ:ખી-સીધો, બિચારો દાસ ધારીને !

સમાપ્ત.



કુંદન અને કુસુમના ભાગ ૧ થી ૮ સચિત્ર વાંચો.